મા મુજને જગમા જાવાદે

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ
મા
ૐ

## પરમ શક્તિ મંત્র

## ૐ મા ૐ



## રાજયોગી નરેન્દ્રજી

ૐ
મા
ૐ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ૐ ।।

(વર્ષ-૧૯) ઓક્ટોબર - ૨૦૦૦ (અંક-૨)

॥ ૐ મા ૐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ૐ મા ૐ ॥

વર્ષ : ૧૯
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૨૦૦૦

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

ૐ

❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## અનુક્રમણિકા


| | | પાન નં. |
|---|---|---|
| ૧. | સેવાદિન... | ૧ |
| ૨. | હું (માતાજી) ૯-૩૨ વાગે આવું છું... | ૧ |
| ૩. | માનવતાદિન... | ૪ |
| ૪. | કાવ્ય - અશ્રુની ધારે ધારે... | ૯ |
| ૫. | રાજકવિ અને રાજયોગીજીનો સંવાદ.. | ૧૦ |
| ૬. | પ્રશ્નોત્તરી.... | ૧૧ |
| ૭. | ગુરૂપૂર્ણિમાની ઉજવણી... | ૧૨ |
| ૮. | કર્તાપણાનો ભાવ ભૂલશો તો જ... | ૧૭ |
| ૯. | મને પુકારજો... | ૨૦ |
| ૧૦. | જન્માષ્ટમી-તમારૂં તકદીર તમે જ બદલી શકશો | ૨૧ |
| ૧૧. | પત્થર છું કુટીરનો કાવ્ય | ૨૩ |
| ૧૨. | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા... ક્રમશઃ | ૨૪ |
| ૧૩. | રામનવમી - સાત્વિક પુરુષાર્થ કરો | ૨૫ |
| ૧૪. | સામર્થ્ય સદ્‌ગુરુનું - કાવ્ય | ૨૭ |
| ૧૫. | ચતુર્ધામ યાત્રા - એક અદ્‌ભૂત અનુભવ | ૨૮ |
| ૧૬. | તારે આ વિધિ કરવાની છે. | ૩૦ |
| ૧૭. | મહામાનવ બની શકાય ! | ૩૧ |
| ૧૮. | કૃપાકરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે? | ૩૨ |
| ૧૯. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૨૦. | વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ-૪ |


ૐ મા ૐ

અર્ધ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર
આધ્યાત્મિક કેડી : ઓક્ટોબર - ૨૦૦૦ - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૫૪૬ ૮૧૨૦

# સેવાદિન

તા. ૪-૯-૨૦૦૦ પૂ. રાજયોગીજી

**વ્હાલા બાળકો,**

મા ગાયત્રીના આદેશથી તા. ૬-૯-૧૯૭૬થી સેવાયજ્ઞના શ્રી ગણેશ મંડાયા. સેવા યજ્ઞની અખંડ જ્યોત દેશ વિદેશમાં પ્રકાશી રહી છે. તા. ૪-૯-૧૯૭૮ ના શુભ દિવસે સેવાયજ્ઞની જ્યોતને નિલોષા દંપત્તિ શ્રી નલિનકાંત અને ઉષાબેને સહર્ષ વધાવી અને માતૃપિતૃ ભક્તિની જ્યોતને અખંડ રાખવાનું ગૌરવ અને આનંદ અનુભવ્યો. એકવીસ વર્ષ થી સતત આ સેવાયજ્ઞની જ્યોતમાં ઈંધણ પૂરાતું રહ્યું છે. અને તેની દીપશીખાઓનો પ્રકાશ સંતપ્ત આત્માઓને ઉજાળી રહ્યો છે. આધિ વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓ માનવતાની મહેંક માણવા, શાંતિ અને સુખનો અહેસાસ કરવા નિલોષાની પવિત્ર તીર્થભૂમિમાં આવે છે. નિલોષાનાં કણેકણમાં ચેતના પ્રસરી રહી છે. પરમશક્તિ મંત્ર ૐમાૐ નો ગુંજારવ નિલોષાના વાયુમંડળમાં અહર્નિશ ગુંજતો રહે છે.

સંસારની અને જીવનની ભવાટવીમાં ભટકેલાં, ભૂલાં પડેલાં ભાવિકો માટે નિલોષાનું આંગણું વિસામો બની રહે છે. માર્ગદર્શક બની રહે છે.

સેવાયજ્ઞના સેવક ભાઈબહેનો, આપનું સ્વૈચ્છિક યોગદાન અદકેરું છે. આપની સેવાવૃત્તિ સદાય નિર્મળ રહે તે માટે સતર્ક રહેજો, સાવધ રહેજો. સેવાકાર્યમાં લોભાવનારાં પ્રલોભનોની લપસણી લાગણીઓ આપને લાલચમાં લપસાવી ન દે તેની તકેદારી રાખજો.

સાચો સંનિષ્ઠ સેવક પોતાનું અસ્તિત્વ સેવામાં જ ઓગાળી દે છે. સેવક હંમેશા નમ્ર, નિર્લોભી, નિરાભિમાની, પ્રેમાળ અને લાગણીસભર સ્વભાવથી જ શોભી ઉઠે. નિઃસ્વાર્થ સેવામાં પરમની કૃપા હંમેશાં વરતાતી રહે છે. નિલોષાનું ગૌરવ, નિલોષાનું ઓજસ તેની પ્રતિભાને ઉજ્જવળ બનાવવા હંમેશાં પ્રયત્નશીલ રહેજો. **મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐ મા ૐ**

# " હું ૯-૩૨ વાગે આવું છું "

તા. ૫-૯-૨૦૦૦ મંગળવાર

તા. ૫-૯-૨૦૦૦ મંગળવારે સાંજે શ્રધ્ધાકુટીરમાં પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી (ગુરૂદેવ) હીંચકા પર બિરાજમાન હતાં. કુટીરમાં ભક્તોની ભીડ જામી હતી. ગાયકવૃંદ ભાવવાહી ભજનો ગવરાવી ભક્તોને ડોલાવી રહ્યાં હતાં. પૂજ્ય બ્હેનજીએ જણાવ્યુંકે, પૂજ્ય ગુરૂદેવને માતાજીના આવવાના એંધાણ ત્રીજી તારીખથી વરતાવા માંડ્યા છે.

ત્રીજી તારીખે સવારે તેમના રૂમમાં માતાજીની છબી પર માતાજીએ ત્રણ બદામ પધરાવી

હતી. ચોથી તારીખે રાત્રે ૧૦-૧૦ વાગે તેમની રૂમમાં એક પ્રકાશપૂંજ પ્રગટ્યો. તેઓશ્રી પલંગમાંથી બેઠા થઈ ગયાં. આ પ્રકાશપૂંજ તેમની રૂમના બારણા તરફ વળ્યો. પૂજ્ય ગુરૂદેવ તે પૂંજની પાછળ પાછળ દોરવાયા. રૂમનો દરવાજો ખોલી, ડાઈનીંગ રૂમમાં થઈ. રસોડામાં થઈ, સ્ટોર રૂમમાં માતાજીની છબીમાં સમાઈ ગયો. પૂજ્યશ્રી થોડીવાર ત્યાં ઉભા રહ્યા પછી પોતાની રૂમમાં આવી સૂઈ ગયાં. "આજે પાંચમી તારીખે સવારે ૯-૫૫ વાગે મારા પલંગમાં હું બેઠો હતો ત્યારે પલંગ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો અને તે પ્રકાશપૂંજ મારી રૂમમાં માતાજીનો ફોટા તરફ દોરવાયો અને તેમાં સમાઈ ગયો." ગુરૂદેવે જણાવ્યું.

આજે બરાબર સાંજે ૭-૨૫ વાગે ગુરૂદેવે માઈક હાથમાં લીધું અને બધાંના સાનંદાશ્ચર્ય વચ્ચે જણાવ્યું કે "મારા કાનમાં માતાજીનો અવાજ સંભળાયો છે કે, હું ૯-૩૨ વાગે આવું છું." માતાજી કેટલાં દયાળું છે. મેં માતાજીને વિનંતી કરી છે કે **"આપ ભક્તોને અનુભવ કરાવો"** કુટીરમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

બ્હેનજી, કુસુમબા, અ.સૌ. ભાવના તથા ઘરના અન્ય સભ્યોએ માતાજીના સ્વાગતની તૈયારી કરવા માંડી. તીખી પૂરી, બટાકાનું કોરૂં શાક, કેસર બદામનું દુધ, મુખવાસ, ચણા વિગેરે તૈયાર કર્યું. ગુરૂદેવની રૂમમાં ટેબલ પર બે થાળી વાડકી બે ચમચી, ગ્લાસ ગોઠવ્યાં. પાસે બેઠક માટે બાજઠ મૂક્યાં. સોફા પાસેના ટેબલ પર ટ્રેમાં શ્રીફળ, ચણા, કંકુ અને ખાલી ડીશ મૂકી. જમવાના ટેબલ પર ડબામાં તીખીપૂરી ૨૫ નંગ, સુખડી ૨૫ નંગ, બટાકાનું શાક, થર્મોસમાં, દુધ, પાણી, મુખવાસ અને ઈલાઈચીનો ભૂકો, પીરસવા માટે ચમચો વિગેરે મૂક્યાં હતાં. રૂમની સજાવટ સુંદર રીતે કરવામાં આવી હતી.

પૂજ્ય ગુરુદેવ બરાબર ૯-૨૫ વાગે તેમની રૂમમાં માતાજીના સ્વાગત માટે જવાના હતાં. બધા જ ભક્તોને શાંતિ જાળવવા અને ખુલ્લી આંખ રાખી ૐમાૐ મંત્રજાપના માનસિક જાપ કરવા બ્હેનજીએ જણાવ્યું હતું. વળી ૧૯૯૧માં માતાજીના તેજ કીરણથી તેજેન્દ્ર મળ્યો હતો, તેવી જ રીતે આ વખતે સંતાન પ્રાપ્તિની ઈચ્છાવાળા દંપત્તિને આગળ બેસવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. માનું જો કદાચ તેજકીરણ પડે અને પ્રારબ્ધ ખુલી જાય તેવાં શુભ ભાવથી કેટલાંક દંપત્તિ આગલી હરોળમાં બેસી ગયાં હતાં. પૂજ્ય ગૂરૂદેવ ૯-૨૫ વાગે માતાજીના સ્વાગત માટે તેમની રૂમમાં ગયાં. રૂમમાં માતાજીની પધરામણીની પ્રત્યક્ષ અનુભૂતિ પૂજ્ય ગુરૂદેવના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે.

"હું ૯-૨૫ વાગે મારી રૂમમાં આવીને પલંગમાં માતાજીના પ્રાગટ્યની પ્રતિક્ષા કરતો બેઠો હતો. બરાબર ૯-૩૨ વાગે પલંગ પાસે પ્રકાશનો ઝબકારો થયો ને તે પ્રકાશપૂંજમાંથી માતાજી સદેહે પ્રગટ થયાં. માતાજી પલંગમાં મારી પાસે આવીને બેસી ગયાં. હું પલંગમાંથી ઊઠીને તેમના ચરણમાં બેસી ગયો. ને મસ્તક તેમના ઘૂંટણ પર ટેકવી દીધું. માતાજીએ વાંસામાં પ્રેમથી હસ્ત પસવાર્યો અને પછી મને ખભેથી ઊચકીને પલંગમાં તેમની બાજુમાં બેસાડી દીધો.

મેં માતાજીને વિનંતી કરી કે, રાત્રે ૯-૩૨ થયા છે. આપ ભોજન આરોગો, પહેલાં તો માતાજી હસ્યાં. પછી પલંગમાંથી ઊઠીને બાજઠ પર બિરાજમાન થયાં. મેં માતાજીને પૂરીઓ પીરસી. માતાજી કહે "મારી ત્રણ પૂરી મૂક અને તારી પાંચ પૂરી મૂક" હું બીજી થાળીમાં પાંચ પૂરી મૂકવા જતો હતો. પરંતુ માતાજીએ તેમની જ થાળીમાં મૂકવા જણાવ્યું. પછી મેં વાડકીમાં શાક પીરસ્યું, સુખડી પીરસી, પછી હું તેમની પાસે નીચે જ બેસી ગયો અને અમે એકજ થાળીમાં સાથે જમ્યાં. માતાજીએ ત્રણ પૂરી આરોગી, મેં માતાજીને ફરીથી શાક પીરસ્યું. મેં પાંચ પૂરી આરોગી. જમી રહ્યાં પછી મેં ગ્લાસમાં પાણી ભર્યું, માતાજીએ ગ્લાસ પાણી પીધું, ફરીથી ગ્લાસ ભર્યો, ફરીથી અર્ધો ગ્લાસ પાણી પીધું. વાડકીમાંથી મુખવાસ અને એલચીનો ભૂકો આરોગ્યો.

પછી માતાજી પલંગમાં આવીને બેઠાં. હું મારા જગમાંથી પાણી પીને તેમની બાજુમાં બેસી ગયો. વ્હાલપની વર્ષા કરતાં કરતાં, કાર્યયજ્ઞ વિષે વાતો કરી અને માર્ગદર્શન આપ્યું અને હસતાં હસતાં મને કહ્યું કે "નવરાત્રીમાં તૈયાર રહેજે." મેં કહ્યું, "સૈનિકનેતો આદેશનીજ જરૂર છે."

પછી માતાજી પલંગમાંથી ઊઠીને ટેબલ પાસે ગયાં. શ્રીફળ હાથમાં લીધું, તેના પર આંગળીથી કંકુ લઈ ચાલ્લાં કર્યાં. અને તે શ્રીફળ મને હાથમાં આપ્યું. ફરીથી ટેબલ પાસે ગયાં. તેમના હાથમાં બદામ આવી ગઈ, જે તેમણે થાળીમાં પધરાવી. ત્યાર પછી મને ઈશારાથી તેમની પાસે બોલાવ્યો અને મારા કપાળમાં કંકુના ચાંલ્લા કર્યા અને હાસ્ય વેરતાં વેરતાં મારા ઝભ્ભા પર આંગળીઓ પર કંકુ લઈને લગાવ્યું, મારા બંને ગાલ પર કંકુ લગાવી વ્હાલપ અને વાત્સલ્ય વરસાવ્યું. ફરીથી અમે પલંગમાં બેઠાં. માતાજીનો મૃદુહસ્ત મારા રોમે રોમને વાત્સલ્યથી સભર કરી રહ્યો હતો. ૨-૩ મીનીટ સુધી મમતાની મહેંકને મૂકીને પ્રકાશના એક ઝબકારા સાથે પ્રકાશપૂંજમાં જ માની દેહાકૃતિ વિલિન થઈ ગઈ, અદ્રશ્ય થઈ ગઈ.

માતાજીએ સફેદ સોનેરી પ્રીન્ટની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. આછાં આભૂષણો હતાં. માથે અંબોડો હતો. માતાજીનું સ્વરૂપ ૨૫-૩૦ વર્ષની યુવતીના જેવું દિવ્ય હતું. રૂમમાં અને કુટીરના સમગ્ર વાતાવરણમાં ગુલાબની મહેંક પ્રસરી ગઈ હતી. રૂમના સમગ્ર વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ હતી.

કુટીરમાં શાંત અને આતુરતાથી બેઠેલ ભક્તગણે ૯-૩૨ વાગે માતાજીના પ્રાગટ્યવેળાએ દિવ્ય તેજસ્વી પ્રકાશપૂંજ નિહાળ્યો, અને ૧૦-૫ વાગે માતાજીની દેહાકૃતિ અંર્તધ્યાન થઈ ત્યારે પણ તેજપૂંજ નિહાળી રોમાંચ અનુભવ્યો હતો. માતાજીએ થાળીમાં ૬૯ બદામ પધરાવી હતી. તેનો ખણખણ અવાજ રૂમની બહાર ઉભેલા ભક્તોએ સાંભળી આનંદ અને રોમાંચની અનુભૂતિ કરી હતી. ગુરૂદેવે પરિધાન કરેલ બનિયન પર પણ કંકુના ચિન્હો, માતાજીની આંગળીઓનાં ચિન્હો વરતાતા હતાં. માતાજીની આંગળીઓ પરની રેખાઓ કંકુના ચાલ્લા અને ચિન્હો પર સ્પષ્ટ વરતાતી હતી.

ૐ મા ૐ

## માનવતાદિન

તા. ૭-૯-૨૦૦૦

તા. ૭-સપ્ટેમ્બર પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો જન્મદિવસ છે. આ પાવન દિવસને માનવતાદિન તરીકે ઉજવવામાં આવે છે. પૂજ્યશ્રીના દર્શન કરી આશીર્વાદ મેળવવા પી. જી. મહેતા હોલના પ્રાંગણમાં સવારે ૯-૦૦ વાગ્યાથી દેશ વિદેશના ભક્તોની હારમાળા ગોઠવાઈ ગઈ હતી. ભક્તોનો પ્રવાહ સતત એક વાગ્યા સુધી ચાલ્યો. પૂજ્યશ્રીના હસ્તે એક ભાઈને યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવી અને ૬-૭ નાનાં ભૂલકાંઓને અન્નપ્રાશન કરાવવામાં આવ્યું. આજે પ્રસાદમાં ખીચડી, કઢી, શાક અને મોહનથાળ હતાં.

બપોરે ૩-૦૦ વાગે પૂજ્યશ્રી હોલમાં પધાર્યા. પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ અને પહેરવેશ અતિ દિવ્યતાની અનુભૂતિ કરાવતાં હતાં. ગાયકવૃંદ સાથે શ્રી મુંજાલભાઈએ સ્વરચિત કાવ્યો અતિ ભાવવાહિ સ્વરમાં ગાઈ, ગવરાવીને સમગ્ર માહોલને ડોલાવી, આનંદમગ્ન કરી દીધું હતું. ત્રણ ભક્તોએ પોતાની ઉર્મિઓ વ્યક્ત કરતાં પૂજ્યશ્રીના શરણમાં રાખવા વિનંતી કરી હતી. પૂજ્યશ્રીની અમૃતવાણી **" મારે સાચામાનવ બનવું છે."** બહુ જ ગહન છતાં સરળ ભાષમાં રજુ કરી હતી. અંતમાં મંત્રજાપ, આરતી કરી સાંજે પાંચ વાગે ઉત્સવની પૂર્ણાહૂતિ કરી હતી.

## માનવતાદિન

તા. ૭-૯-૨૦૦૦ પૂ. રાજયોગીજી

### "અમારે સાચા માનવ બનવું છે."

વ્હાલા આત્મિયજનો,

ગયા વર્ષે માનવતા પ્રસરાવવા માટે મેં અનુરોધ કર્યો હતો. તેના સંદર્ભમાં નિષ્ઠાવાન દેશ-વિદેશના કેટલાક ભક્તોએ તેમની વિમાસણ વ્યક્ત કરતાં મને જણાવ્યું કે,

"પૂજ્ય ગુરૂદેવ, આપના આદેશ અનુસાર અને સાંપ્રત સમયની માંગને અનુલક્ષીને અમારે માનવતાનું વર્તુળ વિકસાવવું છે. માનવતાનાં વર્તુળના કેન્દ્રબિંદુ બનવું છે. પરંતુ દુર્વૃત્તિઓ અને દુર્વિચારોના પ્રદુષણથી ખદબદતા આસુરી, અમાનવીય આંતરિક અને બાહ્ય જગતમાં અમે પોતે જ ક્યારેક ક્યારેક માનવતાના મૂલ્યો વિસરી જઈએ છીએ. આસુરી, અસાત્વિક આચરણ કરી બેસીએ છીએ. અમારે જાતે જ પહેલાં માનવતા આચરવા માટે સાચા માનવ બનવું છે. અમને પહેલાં માનવ બનવા દો. અમારામાં ક્યારેક માણસાઈનો હ્રાસ ન થાય, જીવન પર્યંત અમે ક્યારેય માનવીય મૂલ્યોને વિસરી, દાનવીય મૂલ્યોને મહત્વ ન આપીએ. દાનવીય આવેશથી અમે અભડાઈ ન જઈએ. આપ અમને સતત પ્રેરણાના પિયુષ પીવરાવતા રહો. આપનું સાન્નિધ્ય, સહવાસ અને સ્મરણ અમે ક્યારે ન છોડીએ તેવી સદ્‌બુધ્ધિ આપો."

વ્હાલા બાળકો,

સાંપ્રત સમયમાં અસાત્વિકતા, આસુરી વિચાર અને આચરણના આંદોલનો વાયુમંડળમાં પ્રસરી રહ્યાં છે. દાનવતા વકરી રહી છે. સાત્વિકતા લઘુમતીમાં આવી ગઈ છે. સાત્વિકતા તરફ ઢળવા માંગતી પ્રત્યેક વ્યક્તિનો આ મૂંઝવતો પ્રશ્ન છે. દાનવતાથી ભરેલી આ દુનિયામાં માનવતા વિકસાવવાનું ભગીરથ કાર્ય મુશ્કેલ તો છે જ, પરંતુ અસંભવ તો નથી જ. આપણા સહુના સામૂહિક પ્રયત્નથી સાત્વિકતાનો, ધર્મનો વિજય તો થશે જ ને!

દ્વાપરયુગમાં ધર્મયુધ્ધ વેળાએ સત્યને વરેલા પાંડવો લઘુમતીમાં હતાં. પરંતુ કૃષ્ણભગવાન તેમના પક્ષમાં હતા. ધર્મયુધ્ધનાં પરિણામથી આપણે સહુ વિદિત છીએ. પાંડવોનો વિજય થયો હતો. માનવતાના મૂલ્યો વિકસાવવા માટે આપણા પક્ષે સાત્વિકતા પ્રસરાવવાનો, માનવ કલ્યાણનો શુધ્ધ અને શુભ હેતુ છે. પરમશક્તિ મા ભગવતીની પ્રેરણા અને શક્તિ આપણી સાથે જ છે.

ભલે અગણિત માનવતાદિન વાદળછાયા છૂપાયેલા સૂર્યથી ઉગે પરંતુ આ ધૂંધળા દાનવીય વાદળ સામે ઝઝૂમીને પણ માનવીય સૂર્યનું કિરણ આ પૃથ્વી પર પ્રકાશી ઉઠશે... લોકો સાચા અર્થમાં માનવ બનશે જ, માનવતાને મહેંકાવશે જ તેવી મને દ્રઢ શ્રધ્ધા છે.

સાચા માનવ બનવાની તમારી ખેવનાને હું આવકારું છું. સાચા માનવ બન્યા વગર આપણે માનવસેનામાં જોડાઈ શકીએ નહિં. સાચા માનવ બનવા માટે પ્રથમ તો આપણે આપણી અંદર રહેલી આસુરી વૃત્તિઓને પહેચાનવી પડશે. આપણી જાત પ્રત્યે તટસ્થ વલણ અપનાવ્યા વગર આપણે આપણી અંદર રહેલી અને ક્યારેક ક્યારેક બેકાબુ બનતી દુર્વૃત્તિઓને પહેચાની શકીએ નહિં. આપણે વિવેકથી દ્રઢ મનોબળ સાથે આપણામાં રહેલી આસુરી વૃત્તિઓને નિયંત્રિત કરવામાં, તેની સામે ઝઝૂમવા માટે તૈયાર થવું પડશે.

આસુરી વૃત્તિઓના આવરણથી, તેના પ્રભાવથી કોઈપણ વ્યક્તિ મુક્ત નથી. દરેક વ્યક્તિની અંદર દૈવી અને દાનવીય, વૃત્તિઓ હોય છે જ; અને તેનો સંઘર્ષ આપણા આંતરિક જગતમાં ચાલ્યા જ કરે છે. વ્યક્તિના આંતરિક જગતનો સંઘર્ષ તેના વાણી, વર્તન અને વ્યવહારમાં વર્તાયા કરે છે. વળી આ સંઘર્ષનો પ્રતિઘોષ સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં વર્તાવા લાગે છે. આ સંઘર્ષમાં સાત્વિક વૃત્તિઓનો વિજય થાયતો માણસના વાણી, વર્તન અને વ્યવહાર કલ્યાણ કારી હોય છે. જો અસાત્વિક વૃત્તિઓનો વિજય થાય તો માણસના વાણી, વર્તન, અને વ્યવહારમાં વિસંવાદિતા, અકલ્યાણકારી, અઘટિત આચરણ વર્તાય છે. માણસ ક્રોધ, લોભ, ઈર્ષા, નિંદા, રાગ, દ્વેષના, અભિમાનના આવરણથી ઘેરાઈ જાય છે. તે અધર્મી બની આતંકવાદ, લડાઈ, લૂંટફાટ, હિંસા વિગેરે દુષ્ટ કર્મો કરવા પ્રેરાય છે.

માનવીની ભીતરમાં પંચમહાભૂતો-પૃથ્વી, આકાશ, જળ, વાયુ, અને તેજતત્વના મિશ્રણ ઉપરાંત કર્મબંધનથી લપેટાયેલું જીવતત્ત્વ છે. જેનો લગાવ માણસના મન, બુધ્ધિ અને અહંકાર સાથે

છે. બાળકના જન્મ વખતે જ જીવ તેના પ્રારબ્ધ કર્મ સાથે જ લાવે છે. આ જીવતત્વનો લગાવ મન સાથે છે. તેવી જ રીતે માણસની ભીતર શિવતત્વ પણ છે. જેના લગાવ માણસના અંતરાત્મા સાથે છે. શિવતત્વ હંમેશા સાત્વિકતાનું હિમાયતી છે. અંતરાત્માનો અવાજ આ શિવતત્વ જ ઉઠાવે છે. અને માણસને ચેતવે છે, સાચી પ્રેરણા આપે છે, સાચો રાહ બતાવે છે.

કર્મબંધનથી લપેટાયેલો જીવ ત્રણગુણો, સાત્વિક, રાજસિક, અને તામસિક ગુણોથી વિભૂષિત થયેલો હોય છે. માણસમાં જો સાત્વિક ગુણનું પ્રાધાન્ય હોય તો તે વ્યક્તિ સજ્જન, વિવેકી, વિનયી, શાંત સ્વભાવની અને દયાળુ હોય છે. સચ્ચાઈના માર્ગે ચાલનારી હોય, આવી વ્યક્તિ માનવતાથી સભર હોય. રાજસિક ગુણનું પ્રાધાન્યં વ્યક્તિમાં હોય તો તેવી વ્યક્તિ સ્વકેન્દ્રિત, સ્વાર્થી, અભિમાની હોય, રાગ અને દ્વેષથી ભરેલી હોય. તામસિક ગુણનું પ્રાધાન્ય હોય તો તે વ્યક્તિમાં દુર્વૃત્તિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો બહેકાવ વધારે હોય છે. માણસ પોતાના સ્વાર્થ ખાતર સ્વજનો અને સમાજ માટે ખતરારૂપ પૂરવાર થાય છે. અવિવેકી અને અવિનયી હોય છે. સામાન્ય રીતે માણસમાં આ ત્રણે ગુણોનું સંમિશ્રણ હોય છે. આ ત્રણે ગુણોમાંથી જે ગુણનો વિશેષ પ્રભાવ હોય તે પ્રમાણે જ તેનું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઘડાય છે. પ્રારબ્ધ કર્મ અને વાતાવરણ, સંગતિની અસર આ ગુણોની વધઘટમાં મહત્વનો ભાગ ભજવે છે.

સાત્વિક વાતાવરણ, સંતસમાગમ, સત્સંગથી માણસમાં સદ્‌ગુણો વિકસે. અંતરાત્માના અવાજને ઓળખી શકે અને તે પ્રમાણે વર્તી શકે. સાત્વિક માર્ગદર્શન મળે તો આવી વ્યક્તિ માનવતાના મૂલ્યોને વિકસાવી શકે છે.

માણસની ભીતર સાત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિઓનું ઘર્ષણ અહર્નિશ ચાલતું જ રહે છે. આ ઘર્ષણની રણભૂમિ માનવીનું મન હોય છે.મન પર જ આ ઘર્ષણની અસર થાય છે; અને મનના નિયંત્રણમાં રહેલી ઈન્દ્રિયો પર તેની અસર વર્તાય છે.

આ ત્રણે ગુણોના ઘર્ષણના પરિપાક રૂપે મન પર જે ગુણની અસર થાય તે પ્રમાણે વ્યક્તિના વર્તનમાં, તેના આચરણમાં, તેની વાણીમાં તે ગુણ પ્રદર્શિત થાય છે. દા.ત. સાત્વિક ગુણની અસર મન પર વધારે થાય તો તેના વાણી, વર્તન અને વ્યવહારમાં સજ્જનતા નિખરી આવે. અંતરાત્માના અવાજને અનુસરવા પ્રયત્નશીલ બને.

જો રાજસિક વૃત્તિની અસર મન પર વધારે હોય તો વ્યક્તિના વાણી, વર્તન અને વ્યવહારમાં એકરૂપતા વર્તાતી નથી. અંતરાત્માના અવાજને અનુસરવામાં શિથિલતા, પ્રમાદ આચરે છે. અંતરાત્માના આવાજને અવગણે છે.

જો તામસિક વૃત્તિની અસર મન પર વધારે હોય તો વ્યક્તિમાં દાનવીય ગુણો નીખરી આવે છે. અંતરાત્માનો અવાજ સાંભળી શકવાની ક્ષમતા રહેતી નથી. દુર્વૃત્તિઓના જાળાં મન અને ઈન્દ્રિયોને ઘેરી વળ્યાં હોય છે. લગામ વગરના ઘોડા જેવી મનની સ્થિતિ હોય છે. જેને કારણે

માણસ દુર્વૃત્તિઓના વમળમાં ફસાતો જાય છે. આસુરી દુનિયામાં ધકેલાતો જાય છે. માનવ શરીરમાં દાનવવૃત્તિઓ પોષાતી જાય છે, વિકસતી જાય છે, આવા દાનવવૃત્તિથી ખદબદતા માણસો કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ માટે ખતરારૂપ છે. આતંકવાદ ફેલાવનાર, દેશદ્રોહી અસુરો છે. માણસાઈ તેમનામાં મરી પરવારી હોય છે.

આપણામાં રહેલી સાત્વિક વૃત્તિ, સદ્‌ગુણોનો સરદાર વિવેક છે. અને અસાત્વિકવૃત્તિ, દુર્ગુણોનો સરદાર અવિવેક છે. સદ્‌વૃત્તિને કારણે આપણે વિવેકયુક્ત વર્તન કરવા પ્રેરાઈએ છીએ અને મન તેમજ ઈન્દ્રિયોની અભિવ્યક્તિના અતિરેક પર નિયંત્રણ મૂકી શકીએ છીએ. આપણને નૈતિક મૂલ્યોની પહેચાન થાય છે અને તેની કદર કરી શકાય છે.

દુર્વૃત્તિને કારણે માણસ સારાસારનું ભાન ગુમાવે છે. અવિવેકી બની જાય છે. મન અને ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખી શકાતું નથી જેથી માણસ દુષ્ટ પરિણામનો ભોગ બની જાય છે.

માનવ મનમાં રહેલા ષડ્‌રિપુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરને આપણે વ્યક્તિગત રીતે, તટસ્થભાવે પહેચાનવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રત્યેક વિકારને મનના નિયંત્રણમાં રાખવા માટે દ્રઢમનોબળ કેળવવું જોઈએ. આ વિકારોને સાત્વિક માર્ગે વાળવામાં આવે અને ધાર્મિક તેમજ આધ્યત્મિક ક્ષેત્રમાં, જીવનને, સમાજને ઉર્ધ્વગામી બનાવવાના જનહિતાર્થે ઉપયોગમાં લેવામાં આવે તો તે સૈનિકની, સમાજ સેવકની, રક્ષણાત્મક હથિયાર તરીકેની ગરજ સારી શકે.

આ ષડ્‌વૃત્તિઓનો ઉપયોગ આપણે આપણા સ્વાર્થી હેતુઓ માટે, આપણો અહમ્ સંતોષવા માટે ન કરીએ પરંતુ જનહિતાર્થે કરીએ. રાષ્ટ્રની સેવામાં, આતતાયીઓના વિનાશ માટે, ધર્મના રક્ષણ અર્થે તેમજ માનવતાના મૂલ્યો સાચવવા માટે કરીએ. અન્યાય સામે ઝઝૂમવા માટે ક્રોધ કરવો પડે કે હિંસા આચરવી પડે તો તે ક્રોધ પુણ્યના કાર્ય માટે થયો હોવાથી શુભ અને ક્ષમ્ય ગણાય છે. અસુરો, આતતાયીઓનો સંહાર કરી સજ્જનો, નિર્દોષોની રક્ષા તો શ્રી રામચંદ્રજી એ, શ્રી કૃષ્ણે કરી હતી. વળી શ્રી કૃષ્ણે તો ગીતાજ્ઞાન દ્વારા સ્પષ્ટ પણે જણાવ્યું છે કે,

**પરિત્રાણાય સાધુનામ, વિનાશાય ચ્ચ દુષ્કૃતામ્**
**ધર્મ સંસ્થાપ્ય નાર્થાય સંભવામિ યુગેયુગે.**

આમ અધર્મના વિનાશ માટે, સજ્જનોના રક્ષણ માટે શ્રી કૃષ્ણ પૃથ્વી પર અવતાર ધારણ કરશે.

આપણી પ્રાચીન મંદિરોમાં, શસ્ત્રધારી દ્વારપાલોની પ્રતિમાઓ મંદીરના દ્વાર પર રાખવામાં આવી છે. આપણા દેવી દેવતાઓના હસ્તમાં ચક્ર, ગદા, ત્રિશૂળ, ધનુષ્ય, વિગેરે આયુધો હોય છે. અસુરો અને આતતાયીઓના સંહાર માટે જ અને સજ્જનોના રક્ષણ માટે આવા આયુધો ધારણ કર્યા હશે. શિવજીએ દક્ષ પ્રજાપતિનો અહમ્‌ભાવને પોષતા યજ્ઞનો અને સતીને થયેલા અન્યાયનો બદલો લેવા માટે યજ્ઞનો વિધ્વંશ કર્યો હતો.

આપણા ધાર્મિક ઉદાહરણો અને ઘટનાઓ અન્યાય અને અત્યાચાર સામે ઝઝૂમવાનું બળ પૂરૂં પાડે છે. આપણે સાચા માનવ બનવું હોય તો આપણી કામવૃત્તિ, એષણાવૃત્તિને રામવૃત્તિમાં, મંત્રજાપમાં પરિવર્તિત કરી દો. આપણી ક્રોધવૃત્તિને અન્યાય સામે, નિર્દોષોના અત્યાચાર સામે અનાસક્ત ભાવે વહાવી નિર્દોષોનું રક્ષણ કરો.

લોભવૃત્તિનો ઉપયોગ પરમાત્માના નામસ્મરણમાં વધુ સમય ફાળવો, મંત્રજાપ, અનુષ્ઠાન, વિશિષ્ટ ઉપાસના દ્વારા ઋષિ, રાજર્ષિ, દેવર્ષિ અને બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત કરવાનો લોભ રાખો. આધ્યાત્મિક મૂડી ભેગી કરવાનો લોભ રાખો.

પરમાત્માના ચૈતન્ય સ્વરૂપનો, પરમના આદર્શોને અપનાવવાનો મોહ રાખો. પરમાત્માની જડચેતન સૃષ્ટિનું પાલન, પોષણ અને સંવર્ધન કરવાનો મોહ રાખો.

સદ્‌ગુણો કેળવવામાં પોતાના ધર્મનું પાલન કરવામાં, કુટુંબ અને સમાજની આબરૂ જાળવવામાં, ઉત્કર્ષ કરવામાં ગૌરવ અનુભવો. અભિમાન ને ગૌરવમાં પરિવર્તિત કરી દો, અહમ્‌ની જગ્યાએ આત્મસંતોષ અનુભવાશે.

ઈર્ષાનો અગ્નિ આપણને ભરખી ન જાય તે માટે આપણે આપણો સ્વભાવ બદલવા હંમેશા પ્રયત્ન કરવાનો, ઈષ્ટનું નામ સ્મરણ મદદરૂપ થશે. અન્યના ઉત્કર્ષમાં, સુખમાં સુખી થવા, સહભાગી બનવા પ્રયત્નશીલ રહીએ. પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનના વિકાસમાં, સંવર્ધનમાં ઉત્સાહથી આપણું યોગદાન આપીએ તો આપણે આપણું પ્રેમાળ, પરોપકારી વ્યક્તિત્વ વિકસાવી શકીશું.

આપણે હંમેશા યાદ રાખીએ કે, માનવ શરીર એ પરમાત્માનું નિવાસ સ્થાન છે. મંદીર છે, આ શરીર દ્વારા થતું પ્રત્યેક કર્મ પરમાત્માની સેવા બની જવી જોઈએ. આવો ભાવ કેળવાય તો આપણા ષડ્‌રિપૂઓ આપણા મિત્રો બની જાય, આપણા સંરક્ષક બની જાય. આપણા શરીર દ્વારા તેનો દુરઉપયોગ ન થાય.

વ્હાલા બાળકો, સાચા માનવ બનવા માટે આત્મખોજ કરો, આત્મનિરીક્ષણ કરો, સ્વમૂલ્યાંકન કરો, દ્રઢ મનોબળ કેળવો, ષડ્‌વૃત્તિઓનો પરોપકારના કાર્યોમાં વિવેકથી ઉપયોગ કરો. સત્સંગ, સંતસમાગમ, સાત્વિક વાતાવરણ, સ્વાધ્યાય અને પરમનું સતત સાનિધ્ય આપણામાં સદ્‌ગુણોનો વિકાસ કરશે. નિયમિત ઉપાસના, અને ધ્યાન દ્વારા મનના વિચારો, તરંગો નિયંત્રણમાં આવી જશે. શમી જશે. આપણા દૈનિક જીવનનું દરરોજ તટસ્થભાવે મૂલ્યાંકન કરી નફો, નુકશાનના રોજમેળની જેમ હિસાબ રાખી, નફો વધે, ઉદ્દેશ પૂર્ણ જીવન જીવાય તેવો પ્રયત્ન સતત કરતા રહેવું, ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવી.

આપ સર્વે પ્રયત્ન કરજો, પરમાત્માને પ્રાર્થના કરજો, સાચા માનવ બનવાના તમારા ધ્યેયને વળગી રહેજો. પરમની કૃપા અવશ્ય ઉતરશે જ. **મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

ૐ મા ૐ

# "અશ્રુની ધારે ધારે"

તા. ૧૬-૭-૨૦૦૦

શ્રધ્ધા તણા સહારે, કોઇ પ્રેમથી પુકારે;
દોડી તમે જવાના અશ્રુની ધારે ધારે...
કોઇ મહેલ કે મિનારે, કોઇ ઝૂંપડીના દ્વારે;
દોડી તમે જવાના અશ્રુની ધારે ધારે...

દુનિયાના દંભ દોલત બાંધી શકે નહિ,
રંગરેજ ! રંગ જગના લાગી શકે નહિ;
ભાજીના ભાવ ભારે, પકવાનથી વધારે... ...દોડી તમે...

કરતાલ કોઇ હાથની વાગે છે કાળજે,
કેદાર કોઇ કાનમાં કહી દે: સંભાળજે !
હુંડીના હેત, પ્યારે!સ્વીકારી વારે-વારે... ...દોડી તમે...

વિષના કટોરા પ્રેમ દિવાના અધર પીશે,
કે અધર પર ગવાતો મોરપીચ્છધર પીશે;
પગ ઘૂંઘરૂ બાંધી જ્યારે, નાચે આ પ્રીત ત્યારે... ...દોડી તમે...

કોઇ ઝૂંપડીથી આશ લૈ વિશ્વાસ દોડશે,
લઇ પોટલીમાં પ્રેમનો ઇતિહાસ દોડશે;
તાંદુલના તેજ જ્યારે, દ્વારામતીને ઠારે... ...દોડી તમે...

વનમાં હશે જો એકલી-અટૂલી મઢૂલી,
છે નામ એક યાદ : જ્ઞાન-ધ્યાનને ભૂલી;
વેદો ચડ્યા વિચારે-બોર ખાતાં કોણ વારે ?... ...દોડી તમે...

અંતરની અલકનંદા આંખે ઉતારી દઉં,
ભક્તિ કહો કે વટ કહો-ચરણો પખાળી લઉં;
ત્યાં કોણ કોને તારે ? ભાગીરથી વિચારે !... ...દોડી તમે...

નરેન્દ્ર બાપુલાલ દવે માંથી શાસ્ત્રીજી,
છો આજ રંગરૂપે હવે રાજયોગીજી;
'મુંજ' શર્ત લાગી મારે ? 'મા' ના એક જ ઇશારે... ...દોડી તમે...

–મુંજાલ દવે 'મુંજ'

# "રાજકવિ અને રાજયોગીજીનો સંવાદ"

*પ્રસંગ - ગુરૂપૂર્ણિમા.* *પ્રશ્નકર્તા - સતીષભાઇ ભટ્ટ.*
*તારીખ - ૧૬-૭-૨૦૦૦* *ઉત્તરદાતા - પૂ.રાજયોગીજી.*

**સતીષ:-૧** વિજળી છે આંખમાં
બાથમાં વાદળ પાણી ભરેલાં છે.
જોયા કરૂં છું રાહ પાણી સમી હવે,
ક્યારે કહું, પધારો! ઓ મેઘ એ બતાવો.

**વિવરણ:-** ગુરૂદેવ! આ પંક્તિઓ અમે આપના ભક્તજનો બોલી રહ્યા છીએ. આપના સાન્નિધ્યથી, છત્રછાયાથી અને આશીર્વાદથી અમારી આંખમાં વીજળીની ચમક યાને **ખુમારી** હવે ટટ્ટાર ઉભા રહીએ તેવી આવતી જાય છે. બાથમાં ભીનાં વાદળ, એટલે કે અંતરમાં એવી ભીનાશ કે ભૂમિ પોચી પડતી ગઇ છે. અમારી વાણી પણ ટહુકા કર્યા કરે છે, ઝંખ્યા કરે છે, રાહ જોયા કરે છે, પોકાર પાડ્યા કરે છે, અને તે એક જ વાત કે, આપની રાહ જોવાઇ રહી છે, કે ક્યારે એવી ઘડી આવી પડે કે અમારૂં ખાલી અંતર પોકારી ઉઠે -"ગુરૂદેવ પધારો"- અંતરે આસન ખાલી છે. અમારૂં અંતર આપની આધ્યાત્મિક સુગંધથી ભર્યું ભર્યું થઇ જાય. આ ઘડી આપ અમને ક્યારે આપો છો ? આપ તો આધ્યાત્મિક મહામેઘ છો. આપના સિવાય કોણ વરસવાનું ?

**રાજયોગી:-૧** **ક્ષેત્ર તમારૂં શૂન્યાવકાશથી ભરી દો.**
**એષણાઓ સઘળી અદૃશ્ય થાશે**
**ભીતરમાં દિવ્ય પ્રકાશ પથરાઇ રહેશે**
**પ્રગટશે પરમ ત્યાં સદ્‌ગુરૂ સ્વરૂપે.**

**વિવરણ:-** મનુષ્યનું શરીર એક ક્ષેત્ર-ખેતર છે. એષણાઓના weeds (નકામા છોડવાઓ) સદાય તેમા ઉગતા જ રહે છે. આપણે આપણા ભીતરના ક્ષેત્રને શૂન્યાવકાશથી સજ્જ કરી દઇએ, કોઇ જ એષણા, દુર્વૃત્તિને ઉદભવવા ન દઇએ તો આપણા અંતરમાં દિવ્ય પ્રકાશ પથરાઇ જાય અને આ દિવ્ય પ્રકાશ પુંજમાંથી સદ્‌ગુરૂ સ્વરૂપે પરમાત્મા પ્રગટે, આસન ગ્રહણ કરે.
મહામેઘને વરસવું જ છે. ક્ષેત્ર તૈયાર કરો,

**સતીષ:-૨** સુણો છો તમે આસમાનેથી રા'ડો,
ધરમ ઘેર પડતી એ દરરોજ ધાડો,
અવનિ ઉપર આગમન કયમ તમારૂં ?
ગણી ગ્લાનિ કદમ, કહો રાજા માંડો ?

**વિવરણ:-** ગીતા કહે છે- " જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ધરા પર મારૂં અવતરણ થાય છે." ઉપર વસીને આપને અમારી અવનિ ઉપર વસેલ ધર્મને ઘેર ધાડીયાઓ-તસ્કરો આવ્યા છે અને બુમરાણ ચાલુ છે. લૂંટફાટ, ખૂનરેજી, માણસાઇને માથે છીણી ફરતી આપ જુઓ છો-સાંભળો છો એટલે શું આપ અમારી વ્હારે પધાર્યા છો ? હકીકત જાણવાની અમારી મથામણ છે.

**રાજયોગી-૨ સજ્જનો જ્યાં જ્યાં વસે,**
**પરમની નિગાહ ત્યાં પડતી રહે**

**આફતમાંથી ઉગારવા**
**પરમના પહેરગીરો સદાય હાજર રહે**
**સત્સંગનું રક્ષા કવચ સદાય સાથ રાખો**
**સદ્‌ગુરૂને રક્ષણ સદાય મળતું રહેશે**

**વિવરણ:-** સજ્જનો અને દુર્જનોથી ભરેલી આ સૃષ્ટિમાં સજ્જનો જ્યાં જ્યાં વસે છે ત્યાં ત્યાં પરમની નિગાહ તેના રક્ષણ, ક્ષેમ માટે સદાય પથરાયેલી રહે છે.

આવા સજ્જનોને દુન્યવી આફતોમાંથી ઉગારવા માટે, રક્ષણ આપવા માટે પરમના પહેરગીરો સમા સંતો સદાય સૃષ્ટિમાં વિલસી જ રહ્યા હોય છે. સત્સંગનું રક્ષા કવચ સદાય સાથે રાખશો તો આધિ વ્યાધિ, ઉપાધિમાં સદ્‌ગુરૂનો સાથ તમને સદાય મળતો રહેશે.

## પ્રશ્નોત્તરી

*ગુરૂપૂર્ણિમા તા. ૧૬-૭-૨૦૦૦* — *પ્રશ્નકર્તા : હેમંતભાઇ*

*ગુરૂકૃપા પ્રાપ્ત કરવાનાં પગથિયાં* — *ઉત્તરદાતા : પૂ.રાજયોગીજી*

**હમણાં વાંચ્યું છે કે, ગુરૂકૃપા પ્રાપ્ત કરવાના ત્રણ પગથિયાં (૧) પુરૂષાર્થ (૨) પ્રાર્થના (૩) પ્રતિક્ષા**

**સ-૧** શિષ્યની પ્રતિક્ષાનો અંત ક્યારે આવે ?

**જ-૧ અદ્વૈતભાવ કેળવાય તો પ્રતિક્ષા કરવી જ નહિ પડે.**

**સ-૨** પુરૂષાર્થ કેવો કરવો ?

**જ-૨ પુરૂષાર્થને સેવાભાવમાં પરિવર્તિત કરી દો, અનાસક્ત ભાવે, અહમ્‌ને અળગો કરીને, સમર્પણ ભાવે સેવા કરવાથી જ પુરૂષોત્તમને પ્રસન્ન કરી શકાય છે, પામી શકાય છે. પ્રાર્થનામાં ભાવ ભળે, પ્રેમનો ઉદધિ આંખોમાં ઉછળે, અને શબ્દો નિ:શબ્દ બની જાય તેવી જ પ્રાર્થના પ્રભુને પ્રિય છે, પ્રભુ સ્વીકારે છે. પ્રાર્થનાને અમુક ચોક્કસ શબ્દોમાં કે વાણીમાં મઢી શકાય નહિ. અંતરમાં આરત જાગે ત્યારે ભાવની ભાગીરથી આપમેળે જ આંખમાંથી વહેવા માંડે, આ ભાવની ભાગીરથીનો ખળભળ વહેતો પ્રવાહ જ તમારી પ્રાર્થના બની જાય.**

**સ-3** શ્રદ્ધા અને શરણાગતિ સિદ્ધ થાય તેના કરતાં શુદ્ધ થાય એ વધારે મહત્વનું છે. શ્રદ્ધાને સિદ્ધ કેવી રીતે બનાવાય ? સિદ્ધતા અને શુદ્ધતાને વિસ્તારથી સમજાવવા વિનંતી.

**જ-3 શ્રદ્ધા અને શરણાગતિનો ભાવ સિદ્ધ - સ્થિર સ્થાપિત કરવા માટે શુદ્ધ આચરણ અતિ આવશ્યક છે. શુદ્ધ આચરણ માટે મન, વચન અને કર્મની પવિત્રતા, એકરૂપતાની અનિવાર્ય આવશ્યકતા છે. અસુરો, તાંત્રિકો શ્રદ્ધા અને શરણાગતિ ભાવથી સ્વાર્થી હેતુઓ સિદ્ધ કરવા માટે કઠિન તપશ્ચર્યા કરી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે પરંતુ ભીતરની શુદ્ધિ નહીં હોવાથી આવી સિદ્ધિ શાશ્વત રહી શકતી નથી. સ્વાર્થી અને અહમ્‌યુક્ત શ્રદ્ધા અને શરણાગતિ ક્યારેય શુદ્ધ હોઈ શકે જ નહિ. સિદ્ધિ મન સાથે, મનના તરંગો સાથે જોડાયેલી છે. જ્યારે શુદ્ધ ભાવ હૃદય સાથે, અંતરાત્મા સાથે જોડાયેલો છે. શુદ્ધ ભાવે પ્રાપ્ત થયેલી સિદ્ધિ જ શાશ્વત રહી શકે.**

# ગુરૂપૂર્ણિમાની ઉજવણી

*તા. ૧૬-૭-૨૦૦૦*

આજે ૧૬મી જુલાઈ, ગુરૂપૂર્ણિમાનો પવિત્ર દિવસ છે. પી. જી. મહેતા હોલ સાદાઈથી શણગારાયેલો છે. પૂજ્ય ગુરૂદેવની બેઠક પાછળ મોરપીંછ જડેલા બે મોર પડદા પર અંકીત કરેલા છે. આસોપાલવ અને સફેદ ફૂલથી પીછવાઈને શણગારવામાં આવી છે. છેલ્લા ચાર દિવસથી અતિવૃષ્ટિને કારણે રાજ્યમાં અને શહેરમાં વાહનવ્યવહાર ખોરવાયો છે છતાં પણ ગુરૂદેવ પ્રત્યે શ્રદ્ધા અને નિષ્ઠા ધરાવતા ગામ પરગામના ઘણા ભક્તો મુશ્કેલી વેઠીને પણ ગુરૂદેવના દર્શન માટે આવી રહ્યા છે.

સમય અને શિસ્તના પરમ આગ્રહી પૂજ્ય ગુરૂદેવ બરાબર નવ વાગે હોલમાં પધાર્યા છે. હર્ષોલ્લાસથી જયકાર કરવામાં આવ્યો. અતિ મોહક તેજસ્વી સ્વરૂપ, મૃદુ સ્મિત, જુસ્સાદાર પગલાં અને આશિષ આપતો પ્રેરણાદાયી ઉંચો હાથ... માના રાજકુંવરની પધરામણી સૌને ભાવવિભોર કરી ગઈ. આ એક સંકેત છે, કે જેણે સમય પર વિજય મેળવ્યો છે, એ ક્યાંય હાર્યો નથી.

પૂજ્યશ્રીએ આસન ગ્રહણ કર્યા પછી, મૃદુલાબેન અને પૂ. બહેનજીએ, ચરણ આવરણ ઉતાર્યા છે. મૃદુલાબહેને એક વિડીયો કેસેટ અભિમંત્રિત કરાવી છે. નામ છે **"પ્રેમ પર્વ"** કેવો સુભગ સમન્વય.. પૂજ્યશ્રીએ સુંદર પેન્ડન્ટ ગ્રહણ કર્યું છે. **"મા"** અક્ષર અંકિત કરેલું પેન્ડન્ટ, બિલકુલ હૃદય નજીક છે. જેનું હૃદય, માતૃમય છે.. **"મા"** અક્ષરની વચ્ચે **"ૐ"** નું નાનું પેન્ડન્ટ છે. ૐ એટલે બ્રહ્માંડનો સંકેત. મા ના ગર્ભગૃહમાં બ્રહ્માંડ સમાયેલ છે. સંકેત છે કે જેણે "મા" ને રીઝવી છે. આનંદિત કરી છે. ચાહે તે જનની-જનેતા હોય કે **"મા ગાયત્રી"** એ ક્યાંય નિરાશ થતો નથી.

પૂર્ણ તેજોમય, ભક્ત શોક વિનાશક, વિવેક જ્ઞાન દાતા, પૂજ્યશ્રીના દર્શન, પૂજનનો કાર્યક્રમ શરૂ થાય ત્યાં તો વીજળી ગઈ. પણ પૂજ્યશ્રી આનંદિત છે. દરેક મુશ્કેલીમાં, કપરી પરિસ્થિતિમાં પણ અડગ રહેનારા, પૂજ્યશ્રીના આદેશથી ચરણવંદના શરૂ થઈ. ઉકળાટમય વાતાવરણથી ભક્તો મૂંઝાય છે, પવન શોધ કરે છે પણ પૂજ્યશ્રી નિશ્ચિંત છે. આજે ભક્તોની સખત ભીડ છે. હોલની અંદર સર્પાકારે આઠ લાઈનોમાં સ્વયં શિસ્ત અને ગુરૂશ્રદ્ધામાં અવિચલ વિશ્વાસ સાથે ભક્તોની કતાર છે. પરમ શક્તિ પરિવારના આ શિસ્ત અને વિવેકદાતા પૂજ્યશ્રીને આપોઆપ પ્રણામ થઈ જાય. નવથી એકના ચાર કલાકમાં લગભગ બે હજાર ભક્તો, પ્રત્યક્ષ પૂજાલાભ લઈ ગયા. આજે મંત્રદિક્ષા પણ અપાઈ. ૧૦-૧૫ વાગે ૨૨, ૧૧-૨૫ વાગે ૨૭, ૧૨-૪૦ વાગે ૩૬ અને ૧-૦૦ વાગે ૩૯ એમ ચાર વખતમાં ૧૨૪ ભક્તોએ દિક્ષા લીધી. ૧૧-૩૦ વાગે યજ્ઞોપવિતમાં, બે બાળકો અને બે યુવાનો એમ ચાર ભક્તોએ યજ્ઞોપવિત સંસ્કાર પ્રાપ્ત કર્યા. મા ગાયત્રીના બાળ પાસે, ગુરૂપૂર્ણિમાએ મંત્રદિક્ષા લેનારા અને યજ્ઞોપવિત ધારણ કનારાઓનું જીવન ધન્ય બની ગયું. સતત ચાર કલાક, વીજળી ન હોવા છતાંય ભક્તોના ભવતારક પૂજ્યશ્રીના પરિશ્રમને અને વાત્સલ્ય ભાવને કોટિ કોટિ વંદન થઈ ગયા..આજે પ્રસાદમાં સેવ-ઉસળ અને મોહનથાળ છે. પૂર્ણિમાના પ્રસાદ તરીકે અભિમંત્રિત ચરણજળ પણ અપાય છે. પ્રસાદ વ્યવસ્થા પણ પ્રશંસાને પાત્ર રહી છે.

બપોરે ભક્તોએ વહેલા આસન ગ્રહણ કરી લીધાં છે. હવે વીજળી પણ રીઝી છે. હોલમાં જગ્યા

નથી. સત્સંગ પ્રસાદી માટે સહુ કોઈ આતુર છે. ગાયકવૃંદના સુરીલા કંઠે ભાવમય ગીતો દ્વારા,. વાતાવરણમાં આહલાદ્કતા વ્યાપી છે. પૂજ્યશ્રીના આગમનની સૌને આતુરતા છે. ઘડિયાળ ૨-૫૦નો સમય બતાવે છે અને હોલમાં જાગૃતિ વધી ગઈ. પૂજ્યશ્રીના આગમનનાં વધામણાં અપાયાં છે. "સદ્ગુરૂ દેવ કી જય', **"જય માતે હાજર છે"** ના પોકારો થયાં છે... ભક્તોના નયન, દ્વાર પર સ્થિર થયાં છે. એકએક ક્ષણ, પ્રતિક્ષાની અકળાવે છે. અને જયનાદ સાથે પૂજ્યશ્રી પધાર્યા છે. સુંદર વસ્ત્રો, સફેદ સુરવાલ અને સફેદ તથા મરૂન કલરની લોંગ કોટી, ગળામાં સુંદર **"ૐ"** આકારનું પેન્ડન્ટ, જેની અંદર **"ત્રિશુલ"** પણ સમાવિષ્ટ છે. ભપકાદાર ચાલ, વશીભૂત કરી દે તેવું આકર્ષક વ્યક્તિત્વ, મોહક સ્મિત સાથે સૌનું અભિવાદન સ્વીકારતાં, સ્વીકારતાં જ્યારે તેમણે આસન ગ્રહણ કર્યું ત્યારે સૌને દેવદર્શનની અનુભૂતિ થઈ.

મુંજાલભાઈએ કાર્યક્રમની શરૂઆત કરતાં કહ્યું કે, "ગયે વર્ષે અમે પ્રાર્થના કરી હતી કે, અમારા હૃદયમંદિરમાં રહેજો. આ વર્ષે અમારી પ્રાર્થના કાંઈક આવી છે..." "અમારે તવ ચરણનું રજકણ થાવું. પદ્મ પરાગની દિવ્ય સુરભિનો પડઘો થઈ પથરાવું." ગીતના એક એક શબ્દે શબ્દે ભક્તો ઝૂમી ઉઠયાં. રચયિતાને અભિનંદન આપવા જ રહ્યા.

હવે કૂટીર દરબારના રાજકવિ શ્રી સતિષભાઈએ આજના પ્રસંગે ભક્તોની ભાવનાઓને શબ્દોમાં કંડારીને રજૂ કરી. એમના વક્તવ્યમાં પૂજ્યશ્રીના જીવનદર્શનના પ્રસંગો સાથે પૂજ્યશ્રીને જગત્ગુરૂ અને શ્રીકૃષ્ણરૂપ અવતાર બતાવ્યા. ઝૂલાને પ્રેમનું પ્રતિક કહીને પૂજ્યશ્રી દ્વારા અપાયેલ પરમશક્તિ મંત્ર, માનવતા વ્રત અને નવ સૂત્રોની વાતો કરીને **તેમણે પોતાના આત્માના પોકારને વાચા આપી કે, આજના યુગના રાજયોગીજી અને પહેલાના શ્રીકૃષ્ણ એક જ છે, આ તેમનો સ્વીકાર છે.**

આજની પ્રશ્નોત્તરીમાં તેમણે પૂજ્યશ્રીને બે પ્રશ્નો પૂછ્યા :

(૧) વીજળી છે આંખમાં,
બાથમાં વાદળ પાણી ભરેલાં છે
જોયા કરૂં છું રાહ, પાણી સમી હવે
ક્યારે કહું, પધારો, ઓ મેઘ એ બતાવો...

**પૂજ્યશ્રી : ક્ષેત્ર તમારૂં શુન્યાવકાશથી ભરી દો,**
**એષણાઓ સઘળી અદ્દશ્ય થાશે**
**ભીતરમાં દિવ્ય પ્રકાશ પથરાઈ રહેશે**
**પ્રગટશે પરમ ત્યાં સદ્ગુરૂ સ્વરૂપે...**

(૨) સૂણો છો તમે આસમાનેથી રા'ડો
ધરમ ધરે પડતી, એ દરરોજ ધાડો
અવનિ ઉપર આગમન ક્યમ તમારૂં ?
ગણી ગ્લાનિ, કદમ, કહો રાજા માંડો...

પૂજ્યશ્રી : સજ્જનો જ્યાં જ્યાં વસે
પરમની નિગાહ ત્યાં પડતી રહે
આફતમાંથી ઉગારવા,
પરમના પહેરગીરો સદાય હાજર રહે
સત્સંગનું રક્ષાકવચ, સદાય સાથ રાખો
સદ્‌ગુરૂનું રક્ષણ સદાય મળતું રહેશે.

હવે શ્રી હેમંતભાઈ એ ત્રણ પ્રશ્નો પૂછ્યા :

પ્રશ્ન : હમણાં વાંચ્યું છે કે ગુરૂકૃપા પ્રાપ્ત કરવાનાં ત્રણ પગથિયાં... પુરૂષાર્થ, પ્રાર્થના અને પ્રતિક્ષા તો શિષ્યની પ્રતિક્ષાનો અંત ક્યરે આવે?

પૂજ્યશ્રી : અદ્વૈતભાવ કેળવાય તો પ્રતિક્ષા કરવી જ નહીં પડે.

પ્રશ્ન : પુરૂષાર્થ કેવો કરવો ? પ્રાર્થના કેવી કરવી ?

પૂજ્યશ્રી : પુરૂષાર્થને સેવા ભાવમાં પરિવર્તિત કરી દો. અનાસક્ત ભાવે, અહમ્‌ને અળગો કરી, સમર્પણ ભાવે સેવા કરવાથી જ પુરુષોત્તમને પ્રસન્ન કરી શકાય છે, પામી શકાય છે. પ્રાર્થનામાં ભાવ ભળે, પ્રેમનો ઉદધિ આંખોમાં ઉછળે, અને શબ્દો, નિ:શબ્દ બની જાય તેવી જ પ્રાર્થના પ્રભુને પ્રિય છે, પ્રભુ સ્વીકારે છે. પ્રાર્થનાને અમુક ચોક્કસ શબ્દોમાં કે વાણીમાં મઢી શકાય નહીં. અંતરમાં આરત જાગે ત્યારે ભાવની ભાગીરથી આપમેળે જ આંખમાંથી વહેવા માંડે, આ ભાવની ભાગીરથીનો ખળભળ વહેતો પ્રવાહ જ તમારી પ્રાર્થના બની જાય.

પ્રશ્ન : શ્રદ્ધા અને શરણાગતિ સિદ્ધ થાય તેના કરતાં શુદ્ધ થાય એ વધારે મહત્વનું છે. શ્રદ્ધાને સિદ્ધ કેવી રીતે બનાવાય ! સિદ્ધતા અને શુદ્ધતાને વિસ્તારથી સમજાવવા વિનંતિ.

પૂજ્યશ્રી : શ્રદ્ધા અને શરણાગતિનો ભાવ સિદ્ધ-સ્થિર - સ્થાપિત કરવા માટે શુદ્ધ આચરણ અતિ આવશ્યક છે. શુદ્ધ આચરણ માટે, મન, વચન, અને કર્મની પવિત્રતા, એકરૂપતાની અનિવાર્ય આવશ્યકતા છે. આસુરો, તાંત્રિકો, શ્રદ્ધા અને શરણાગતિ ભાવથી સ્વાર્થી હેતુઓ સિદ્ધ કરવા માટે કઠિન તપશ્ચર્યા કરી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે પરંતુ ભીતરની શુદ્ધિ નહીં હોવાથી આવી સિદ્ધિ શાશ્વત રહી શકતી નથી.

સ્વાર્થી અને અહમયુક્ત શ્રદ્ધા અને શરણાગતિ ક્યારેય શુદ્ધ હોઈ શકે જ નહીં. સિદ્ધિ મન સાથે, મનના તરંગો સાથે જોડાયેલી છે જ્યારે શુદ્ધ ભાવ હૃદય સાથે, અંતરાત્મા સાથે જોડાયેલો છે. શુદ્ધ ભાવે પ્રાપ્ત થયેલી સિદ્ધિ જ શાશ્વત રહી શકે.

હવે શ્રી રમેશભાઈ બ્રહ્મભટ્ટે **"સામર્થ્ય સદ્‌ગુરૂનું"** શીર્ષકથી સુંદર ગઝલ રજૂ કરી. શિષ્યમાં પાત્રતા આવે તો સદ્‌ગુરૂનો સહયોગ, સંરક્ષણ, સહાનૂભુતિ, મળી જ શકે એવા ભાવ સાથેની આ રચનાના એકએક વાક્યને ભક્તોએ પ્રેમથી વધાવી લીધા.

હવે આજના પ્રસંગે પૂજ્યશ્રીની અમૃતમયી પ્રેમવાણી સાંભળવા સૌ ઉત્સુક હોય તે સ્વાભાવિક છે.

આજનો પૂજ્યશ્રીનો સંદેશ "અદ્‌ભૂત" હતો. એમની જૂસ્સાદાર, જોશીલી વાણીમાં આજે એમણે ભક્તોને પોતાની ફરજોનું ભાન કરાવી દીધું. કહો કે દરેકને પોતાની માનસિકતા અને શિષ્યત્વનો X-Ray બતાવી દીધો. પૂજ્યશ્રીનું આખુંય પ્રવચન સાચવવા, સમજવા અને વાગોળવા જેવું છે, હું તો માત્ર થોડાક અંશો રજૂ કરૂં છું.

પ્રથમ તો તેમણે સુરતમાં આપેલ સંદેશ વાંચી સંભળાવ્યો.. જેમાં પોતાની આગવી વાણીમાં તેમણે માનવને માનવી બનવા અને મહામાનવ બનવાની હાકલ કરી. પંક્તિ છે...

**શિવ જીવનું મિલન થાયે**
**આભા કંઈ ઓર પ્રગટે**
**માનવ મટી મહામાનવ બને**
**પ્રભુ ઘર શોધતો આવે.**

તેમણે કહ્યું કે, મારા જીવનની ખુલ્લી કિતાબમાંથી શોધી કાઢો કે, હું 'માનવ માંથી માનવી' કેવી રીતે બન્યો. તમે પણ બની શકશો, **જરૂર છે પ્રયત્નની, જરૂર છે તપવાની, જરૂર છે અગ્નિપરીક્ષામાંથી પસાર થવાની, જરૂર છે આત્મવિશ્વાસની.**

આજના આર્શીવચનમાં તેમણે ભક્તોને સાત વાર સંબોધન કર્યું છે. અને તે પણ શિષ્યની પાત્રતાના પગથિયાં સૂચવે છે. પ્રથમ ગાયત્રી માતાના વ્હાલાં બાળકો, બીજી વાર વ્હાલા આત્મિયજનો, ત્રીજીવાર વ્હાલા ચાહકો, ચોથી વાર વ્હાલાં શિષ્યો અને પછી ત્રણ વાર વ્હાલાં બાળકો... એક વાર બાળક બની જાય તો ત્રણેય શરીર, ત્રણેય ભવમાં બાળક જ રહેશો.

**અંશો:** જીજ્ઞાસા તો જ્ઞાનની જનની છે. પોતાને આત્મવિકાસ કરવાની અદમ્ય ઈચ્છા હોવી જોઈએ, સત્યના પંથે પ્રયાણ કરવાની ખેવના હોવી જોઈએ, પરમાત્માને જાણવાની, માણવાની અને પામવાની અંતરની આરત હોવી જોઈએ.

બહુ જ થોડા માણસોને ખરેખર આત્મિક ઉન્નતિ કરવી હોય છે. પરમના પંથને પહેચાનવો હોય છે, પ્રયાણ કરવું હોય છે, પરમને પ્રાપ્ત કરવો હોય છે. આ હેતુ માટે તેઓ પુરૂષાર્થ કરવા તૈયાર હોય છે. દુનિયાના મોટા ભાગના માણસોને સંસારની સમસ્યાઓ સુલઝાવવા માટે સ્વાર્થી, દંભી અને બાલિશ, ક્ષણિક હેતુઓ હાંસલ કરવા માટે માર્ગદર્શક, પથદર્શક અને સહાયકના રૂપમાં ગુરૂની કૃપા, આશીર્વાદ મેળવવા હોય છે.

અમુક વ્યક્તિઓને વ્યક્તિગત, માનસિક, સામાજિક, આર્થિક અને વ્યાવસાયિક ધંધાકીય બાબતોમાં Assurance ખાત્રીપૂર્વક આશીર્વાદ મેળવવા માટે, જીવનને સૂપેરે જીવવા માટે, સંસારની સમસ્યાઓમાંથી ઉગારવા માટે ગુરૂની આવશ્યકતા રહે છે.

ઘણાં માણસો, શાસ્ત્રોક્તિ પ્રમાણે ગુરૂ કરવા ખાતર ગુરૂ મંત્રદીક્ષા લઈ આત્મસંતોષ માણે છે.

પરમ શક્તિ મા ગાયત્રી મારાં પરમ ગુરૂ છે. માતાજીના આદેશો અને આદર્શો જ મારી જીવનનાવના પથદર્શક છે. મારું સમસ્ત અસ્તિત્વ મેં મારા પરમ ગુરૂ મા ભગવતીમાં મેળવી દીધું છે.

જીવનમાં ગુરૂ મેળવ્યાનો સંતોષ માણવાની ઈચ્છા તો ઘણા ભાવિકોને હોય, પરંતુ સાચા સંનિષ્ઠ શિષ્ય

બનવા માટે ક્ષમતા કેળવવી પડે. તમે મારાં આધ્યાત્મિક બાળકો બનવાની દીક્ષા લીધી છે. મંત્રદીક્ષાનું હાર્દ સમજી મંત્રજાપ ચાલુ રાખજો. આંતરિક મન અને બુદ્ધિની શુદ્ધિ માટે મંત્રજાપ અને મન-બુદ્ધિની સ્વસ્થતા માટે સત્સંગ આવશ્યક છે. મંત્રજાપની માત્રા ભાવપૂર્વક અનુકૂળતા પ્રમાણે વધારતા જજો. આજે મારે આપની ફરજ પ્રત્યે નિષ્ઠા અને વફાદારી નિભાવવા અંગે અનુરોધ કરવો છે. 'Duty is Deity' ફરજ તે જ ધર્મ છે. તે હકીકત હંમેશાં સ્મરણમાં રાખીને જીવન જીવવું જોઈએ. કામચોરી, સમયચોરી, વિશ્વાસચોરી, પ્રમાદ વગેરે અસાત્વિક વૃત્તિઓ માનવને દાનવ બનાવે છે.

જીવનમાં સુખ એ અમૃત સમાન છે અને દુઃખ એ વિષ સમાન છે. અમૃતની જ અભિલાષા અને અભિપ્સા માણસને હોય, પરંતુ મર્દાનગીથી હિંમતથી વિષને-દુઃખને જીરવી જનારા સાચે જ મહામાનવ બની શકે. Forget and Forgive ભૂલી જવું અને માફ કરવું આવો સ્વભાવ કેળવાયતો જ આપણે સંસારના વિષને પચાવી શકીએ.

વ્યક્તિએ પોતાનું શારીરિક, માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ્ય જાળવવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું. અનિયમિત જીવન, અઘટિત વ્યવહાર અને વ્યસનોથી દૂર રહેવું. માણસ જીવનમાં પ્રેમ, શાંતિ અને સમભાવ રાખી, વિવેકપૂર્વક, જીવનના કોઈપણ ક્ષેત્રમાં કાર્ય કરે તો સફળતા તેને વરે જ છે. જીવનના ઝેરને અમૃતમાં પરિવર્તિત કરવાનો આ જ તો રામબાણ ઈલાજ છે. પોતાની જાતને જીવનના કોઈપણ પુરૂષાર્થમાં એક સાધનમાત્ર, નિમિત્તમાત્ર ગણી અનાસક્ત ભાવે કાર્ય કરજો, સફળતાનો તાજ પરમાત્માને જ પહેરાવવાની પ્રથા રાખજો તો જીવનમાં હંમેશાં હિતેચ્છુઓ જ મળશે.

પદ, પૈસો અને પ્રતિષ્ઠાના મોહમાં અહમ્‌ને ના પોષશો. પરમાત્માની સૃષ્ટિમાં વિસંવાદિતા ક્યારેય ન પ્રસરાવશો. કર્તાપણાનો ભાવ ભૂલશો તો જ ભગવાનના ભાવિક ભક્ત બની રહેશો. મને જો ગુરૂપદે બિરાજીત કર્યો હોય તો મારા આ આદર્શો અને આદેશો છે. શિષ્યનું કર્તવ્ય, ફરજ, ધર્મ સમજી તેને જીવનમાં આત્મસાત્ કરજો અને જગતમાં પ્રસરાવજો. માનવતાનું વર્તુળ વિકસાવજો.

પૂજ્યશ્રીના આશિષ વચનનો એકએક શબ્દ આપણામાં ચેતના પ્રસરાવે એવી પ્રાર્થના કરીએ. હવે મુંજાલભાઈએ એક ખૂબ સુંદર ગીત રજૂ કર્યું. પૂજ્યશ્રીએ, આ ધરા પર જન્મ લેવા માટે, માતાજી સાથે કેવા સંવાદો કર્યા હશે એની કલ્પના કરતું સુંદર ગીત રજુ કર્યું. "માનવ મન વેરાન થયાં છે, ટહુકારો રેલાવા દે, મા મુજને જગમાં જાવા દે" એક એક શબ્દ અને ભાવને સૌએ સલામ કરી ભક્તો ખૂબ આનંદિત થઈ ગયાં.

બાકી રહી ગયેલાં ભક્તોને ચરણસ્પર્શનો લાભ આપ્યા પછી બાળકો સાથે ત્રણ ૐ, ૨૭ પરમશક્તિમંત્ર, પરમશક્તિની આરતી થઈ... બાળકો દ્વારા નવસૂત્રોનું પઠન કરાવાયું. બાળકોમાં સંસ્કાર સિંચનની આ પ્રથા પૂ. બ્હેનજીએ શરૂ કરાવી છે. કાશ, દરેક કુટુંબમાં રોજ સાંજે બાળક દ્વારા આવા પઠનની શરૂઆત થાય.

આજના આ પ્રસંગે આપણે પૂજ્યશ્રીને એક જ પ્રાર્થના કરીએ કે, હે ગુરૂદેવ.. અમારૂં દેવાલય ગણો, શિવાલય ગણો કે હિમાલય ગણો.. બધું જ આપના ચરણોમાં છે. અમને ભવોભવ તમારા ચરણોમાં રાખજો. અને સાચા અનુરાગી શિષ્ય બનવાની પાત્રતા કેળવાય એટલી શક્તિ આપજો.

**॥ ૐ મા ૐ ॥**

## મા ! મુજને જગમાં જાવા દે (રાગ - માલકૌંસ)

મા ! મુજને જગમાં જાવા દે
માનવમન વેરાન થયા છે,
(મારા) ટહૂકારો રેલાવા દે... મા ! મુજને...
આંખ જગતની તરસી રહી છે
પાંખ મને ફેલાવા દે
નીલકંઠ છું : પી ને હળાહળ
અમરત ઉરના પાવા દે... મા ! મુજને...
મસ્ત-મુક્ત છું - જગમાયાના
બંધનમાં બંધાવા દે
રામની માફક રાજબાળને
વનનાં બોરા ખાવા દે... મા ! મુજને...
રંગ-રૂપ દે ત્હારા મુજને
તારી જેમ મલકાવા દે
ચરણયુગલ પણ દેજે ત્હારા
મારા કહીને પૂજાવા દે... મા ! મુજને...
દીનદુઃખીના દરદો દેખી
હૃદય મારું ભીંજાવા દે
લોચન ત્હારા દેજે એમાં
અશ્રુ મુજ છલકાવા દે... મા ! મુજને...
જગ-આંગણિયે માડી ત્હારું
મારું મિલન સરજાવા દે
જગથી થાકું ત્યારે ત્હારા
પાલવમાં સંતાવા દે... મા ! મુજને...
મ્હારા મ્હારા કહીને મ્હારા
પીંછાને હરખાવા દે
મહિમા મારો ગાવા જાતાં
'મુંજ' મતિને મુંઝાવા દે... મા ! મુજને...

મુંજાલ દવે 'મુંજ'


નૂતન વર્ષાભિનંદન
ॐ भूर्भुवः स्वः। ॐ तत्सवितुर्वरेण्यं। भर्गोदेवस्य
धीमहि। धियो यीनः प्रचोदयात् ॐ

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી સૂચિત નવ સિદ્ધાંતો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિઃસહાયને સહાય કરવી.
૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.
૪. કોઇની ઇર્ષ્યા કરવી નહિ.
૫. કોઇની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.
૬. પરનિન્દાથી દૂર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિઃસ્વાર્થ સેવા કરવી.
૯. અહમ્‌નો ત્યાગ કરવો.

# ગૃહસ્થજીવનની આચારસંહિતા

૧. ગૃહસ્થીએ પોતાના ઇષ્ટદેવની નિયમિત ઉપાસના કરવી.
૨. નીતિમય જીવન જીવવું.
૩. કુટેવો અને વ્યસનથી દૂર રહેવું.
૪. દરરોજ સ્વદોષોનું નિરપેક્ષભાવે મૂલ્યાંકન કરી સાત્વિક રચનાત્મક જીવન જીવવું.
૫. સમયનો સદ્‌ઉપયોગ કરવો.
૬. માતા-પિતાની સેવા કરવી, સ્વજનો પ્રત્યે આત્મીયતા અને સદ્‌ભાવના રાખવી.
૭. અતિથી સત્કાર અને સન્માન કરવું.
૮. દામ્પત્ય જીવનમાં ઉભય પતિ-પત્નિ વચ્ચે પ્રેમ, આદર અને ઐક્યતાનો ભાવ પ્રસ્થાપિત કરવો.
૯. સંતાનોમાં સુસંસ્કાર અને સુસંસ્કૃતિનું સિંચન કરવું.

# ક્ષણ સોનેરી બની જાશે.

રાજયોગી નરેન્દ્રજી

તા. ૭-૯-૨૦૦૦

સાગરને આકર્ષણ પૂર્ણ ચંદ્ર તણું.
પતંગને આકર્ષણ દીપજ્યોત તણું,
ભ્રમરને આકર્ષણ કમળ તણું,
પ્રેમીને આકર્ષણ પ્રિયતમ તણું,
શ્રધ્ધાળુને આકર્ષણ શ્રધ્ધેય તણું,
ભક્તને આકર્ષણ ભગવાન તણું,
સંતને આકર્ષણ સત્ય સ્વરૂપ તણું,
આપને આકર્ષણ મયુર બાળ તણું,
પ્રારબ્ધ તમારું ખેંચી લાવે
શ્રધ્ધામાં શ્રધ્ધા તમારી વધારતી જાયે,
અવતરણ કરાવ્યું માતે
ને સજાવી આ કલાકૃતિને,
સેવાની સુગંધ ભરીને
ધરી દીધી જગબાગમાં,
જેના થકી આવું બધું થયા કરે છે.
અને હજુ કેટલુંય થાતું રહેશે.
જાગૃત રહેજો, સતર્ક રહેજો.
શ્રધ્ધા સમૃધ્ધ કરજો, સાનિધ્ય સેવતા રહેજો
ખજાનો ખુલશે જ્યારે, ક્ષણ સોનેરી બની જાશે.

## કર્તાપણાનો ભાવ ભૂલશો તોજ...

પૂ. રાજયોગીજી

તા. ૧૬-૭-૨૦૦૦

# ગુરૂપૂર્ણિમા

ગાયત્રી માતાનાં વહાલા બાળકો,

અમેરીકામાં, યુનીયન સીટી, ન્યુજર્સીમાં મારા કાર્યયજ્ઞ દરમિયાન કયુબન પરિવારના કેટલાક સભ્યો તેમના પ્રશ્નો લઇને મારી મુલાકાતે આવ્યા હતાં. મુલાકાતના અંતે આ પરિવારના એક ભાઇએ મને તેમના ગુરૂ બનાવવા માટે વિનંતી કરી. મેં તેમને પરમશકિત મંત્ર ૐ મા ૐ ના જાપ અર્ધો કલાક કરવા માટે જણાવ્યું. શિષ્યત્વની સીડી ચઢવા માટેનું પ્રથમ સોપાન મંત્રજાપ દ્વારા આંતરિક શુધ્ધિ કરવાનું છે.

આ કયુબન ભાઇની જીજ્ઞાસા વિશ્વના અન્ય માનવીઓની પણ હોઇ શકે. વળી જીજ્ઞાસા જાગે તો જ જ્ઞાન મેળવવાનો પરિશ્રમ કરવા મન પ્રેરાય. " જીજ્ઞાસા તો જ્ઞાનની જનની છે. " શિષ્ય બનવા ઇચ્છતી વ્યકિત જયારે સાચા ગુરૂની શોધમાં હોય ત્યારે તેને પોતાને આત્મવિકાસ કરવાની અદમ્ય ઇચ્છા હોવી જોઇએ, સત્યના પંથે પ્રયાણ કરવાની ખેવના હોવી જોઇએ, પરમાત્માને જાણવાની, માણવાની અને પામવાની અંતરની આરત હોવી જોઇએ.

**મારા અનુભવ પ્રમાણે સાંપ્રત સમયમાં માણસને ગુરૂ મેળવવાનાં પોતાના અંગત કારણો હોય છે.**

(૧) બહુ જ થોડા માણસોને ખરેખર આત્મિક ઊન્નતિ કરવી હોય છે, પરમના પંથને પહેચાનવો હોય છે, પરમના પંથે પ્રયાણ કરવું હોય છે, પરમને પ્રાપ્ત કરવા છે, જીવનમાં સ્થિતપ્રજ્ઞતા કેળવી માયાના વમળમાં અટવાઇ જતાં બચવું છે. આ હેતુ માટે તેઓ પુરૂષાર્થ કરવા તૈયાર હોય છે. ગુરૂના આદેશો અને આદર્શોને આત્મસાત કરવા કૃતનિશ્ચયી હોય છે. ગુરૂની નિઃસ્વાર્થભાવે, સેવા કરવા તત્પર રહે છે. અહમ્‌ને અળગો કરવા પ્રયત્નશીલ રહે છે.

(૨) દુનિયાના મોટાભાગના માણસોને સંસારની સમસ્યાઓ સુલઝાવવા માટે સ્વાર્થી, દંભી અને બાલીશ, ક્ષણિક હેતુઓ હાંસલ કરવા માટે માર્ગદર્શક, પથદર્શક અને સહાયકના રૂપમાં ગુરૂની કૃપા, આશીર્વાદ મેળવવાનો હોય છે. ગુરૂની સેવાની પાછળ તેમનો અંગત સ્વાર્થ રહેલો હોય છે. અહમ્ પોષવાની તેમની ખેવના હોય છે.

(૩) અમુક વ્યકિતઓને વ્યકિતગત, માનસિક, સામાજિક, આર્થિક અને વ્યાવસાયિક - ધંધાકીય બાબતોમાં Assurance - ખાત્રીપૂર્વક આશીર્વાદ મેળવવા માટે, જીવનને સુપેરે જીવવા માટે, સંસારની સમસ્યાઓમાંથી ઊગરવા માટે, વડીલ, માર્ગદર્શકના રૂપમાં ગુરૂની આવશ્યકતા રહે છે.

(૪) ઘણા માણસો શાસ્ત્રોકિત પ્રમાણે ગુરૂ કરવા ખાતર ગુરૂ મંત્રદીક્ષા લઇ આત્મસંતોષ માણે છે અને ગુરૂના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

આત્મવિશ્વાસ, દ્રઢ મનોબળ, ધ્યેયસિધ્ધિ માટે શારીરિક, માનસિક અને બૌધ્ધિક પુરૂષાર્થ કરવાની તૈયારી સાથે વિવેકનો વીંઝણો હોય તો જ માણસ અધ્યાત્મ માર્ગમાં પદાર્પણ કરી શકે, સાત્વિક વિકાસના ઊત્તુંગ શિખર સર કરી શકે, આત્માની ઓળખ મેળવી પરમાત્માને પામી શકે.

વ્હાલા આત્મિયજનો, પરમશકિત મા ગાયત્રી મારા પરમ ગુરૂ છે. માતાજીના આદેશો અને આદર્શો જ મારી જીવનનાવના પથદર્શક છે. માતાજીની મરજી તે જ મારી મરજી છે. મારૂં સમસ્ત અસ્તિત્વ મેં મારા પરમગુરૂ મા ભગવતીમાં મેળવી દીધું છે, ઓગાળી દીધું છે, તેથી જ તો જીવનનાવ સંસાર સાગરમાં સુપેરે સહેલ કરી રહી છે.

વ્હાલા ચાહકો, ગુરૂપૂર્ણિમાના પાવનકારી દિવસે ગુરૂજી પાસે મંત્રદીક્ષા લેવાની જીવનમાં ગુરૂ મેળવ્યાનો સંતોષ માણવાની ઇચ્છા તો ઘણા ભાવિકોને હોય, પરતું સાચા સંનિષ્ઠ શિષ્ય બનવા માટે આપણી પણ તૈયારી તો હોવી જોઇએ ને ! આપણે પણ ક્ષમતા તો કેળવવી પડે ને ! છેલ્લા પચ્ચીસ વર્ષમાં ઘણા ભાઇબ્હેનો અને યુવાનો, બાળકોએ ગુરુ પૂર્ણિમાનાં દિવસે મંત્રદીક્ષા લઈ મને ગુરુપદે સ્થાપી સંતોષ મેળવ્યો હશે. વ્હાલા શિષ્યો, તમે મારા આધ્યાત્મિક બાળકો બનવાની દીક્ષા લીધી. મંત્રદીક્ષાનું હાર્દ સમજી મંત્રજાપ ચાલુ રાખજો. શારીરિક સ્વચ્છતા માટે જેમ શુધ્ધ જળથી સ્નાન કરવું જરૂરી છે, જેમ શરીરની સ્વસ્થતા માટે શુધ્ધ, સાત્વિક ખોરાક પ્રસન્નતાથી, પ્રભુનો પ્રસાદ સમજી આરોગવાની જરૂર છે તેવી જ રીતે **આંતરિક મન અને બુધ્ધિની શુધ્ધિ માટે મંત્રજાપ અને મન બુધ્ધિની સ્વસ્થતા માટે સત્સંગ આવશ્યક છે.** મન અને બુધ્ધિ પર વ્યાપી રહેલાં દુર્વૃત્તિઓના મેલને, મંત્રજાપરૂપી શુધ્ધ, સાત્વિક ગંગાજળથી જ સાફ કરી શકાય અને સત્સંગથી સાત્વિક સંસ્કારોને વિકસાવી શકાય. મંત્રજાપની માત્રા ભાવપૂર્વક અનુકૂળતા પ્રમાણે વધારતા જજો અને ઋષિ, રાજર્ષિ, દેવર્ષિ અને બ્રહ્મર્ષિ પદ પામવા પ્રયત્ન કરતાં રહેજો. સાત્વિક પદની આભા, દિવ્યતા તમારા અસ્તિત્વમાં નિખરતી રહેશે.

વ્હાલા બાળકો, આજે મારે આપની ફરજ પ્રત્યે નિષ્ઠા અને વફાદારી નિભાવવા અંગે અનુરોધ કરવો છે. "Duty is Deity " ફરજ તે જ ધર્મ છે. તે હકીકત હંમેશાં સ્મરણમાં રાખીને જ જીવન જીવવું જોઇએ. કામચોરી, સમયચોરી, વિશ્વાસચોરી, પ્રમાદ વિગેરે અસાત્વિક વૃત્તિઓ માનવને દાનવ બનાવે છે.

દરેક વ્યકિતએ પોતાના અંગત કૌટુંબિક, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રમાં અગત્યની અને ઊપયોગી ભૂમિકા ભજવવાની હોય છે.આપ આપની આવી વિવિધ ક્ષેત્રની ભૂમિકાઓ નિષ્ઠાપૂર્વક, પ્રેમથી નિભાવો અને સ્વધર્મનું પ્રેમપૂર્વક પાલન કરો. પુત્ર માતાપિતા પ્રત્યે, માતાપિતા બાળકો પ્રત્યે, પતિપત્નિ ઊભય પ્રત્યે, વ્યવસાયિક ક્ષેત્રમાં સાથી કર્મચારીઓ પ્રત્યે, વ્યાપારક્ષેત્રે ગ્રાહકો પ્રત્યે તેમજ માનવતાના મૂલ્યો અદા કરીને પ્રત્યેક માનવ પ્રત્યે તેમજ પરમની સૃષ્ટિના પ્રત્યેક સર્જન પ્રત્યે નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરવી જોઇએ.

મારા કાર્યયજ્ઞ દરિમ્યાન મારી મુલાકાતે આવતી અમુક વ્યક્તિઓ ઘણી વખતે તો એવી મૂંઝાઇ ગયેલી હોય છે કે, આપઘાત કરવાનો નિર્ણય કરી મારી પાસે આશીર્વાદ લેવા આવે છે. આપઘાતના તે વળી આશીર્વાદ આપી શકાય ? આવી મૂંઝાયેલ વ્યક્તિઓના મન પર અવિવેકનું વાદળ છવાઇ ગયું હોય છે. સાચી સમજનો રસ્તો રૂંધાઇ ગયો હોય છે. આવી નિઃસહાય વ્યક્તિઓના મનમાં વ્યાપેલા વિષાદ અને અવિવેકના વાદળો હટાવવાનો પ્રયત્ન કરવા હું તેમને પ્રેરૂં છું. સમયનું વહેણ અને સંતનો સથવારો, સધિયારો, સત્સંગ, તેમની મૂંઝવણમાં દીવાદાંડી સમાન બની રહે છે.

વહાલા બાળકો, જીવનમાં અંતરાયો, અડચણો તો આવવાનાં જ, સમસ્યાઓ, મૂંઝવણો તો ઉદ્ભવવાની જ છે. દ્વંદ્વોથી તો જીવન ભરેલું છે. સુખ દુઃખ, જીવન મૃત્યુ, નફો નુકસાન, આ તો જીવનની

ખાટી મીઠી છે. ખટાશ ન હોય તો જીવનની મીઠાશની મઝા માણી જ ન શકાય. દુ:ખ હોય તો જ સુખની કિંમત આંકી શકાય. વળી જીવનમાં કોઇપણ પરિસ્થિતિ એક સરખી કાયમ માટે રહેતી જ નથી. જીવન તો પરિવર્તનશીલ છે. આજે સુખ અનુભવતી વ્યક્તિને કાલે વધુ સુખ સગવડની એષણા જાગે ત્યારે આજનું સુખ હોવા છતાં તેનું મન કંઇક ઉણપ, દુ:ખ, ઉદ્વેગ અનુભવે છે. માણસના જીવનમાં સમસ્યાઓ તો રહેવાની જ. સમયના વહેણમાં સમસ્યાઓની માત્રામાં વધઘટ થયા કરે વળી વ્યક્તિની સહનશક્તિ પણ કેળવાતી જાય અને આવી સમસ્યા જીવનમાં એક અંતરંગ ભાગ જેવી બની જાય. દા. ત. એક વ્યક્તિને અકસ્માતમાં પગ કપાઇ ગયો. જીવનમાં દુ:ખ આવી પડ્યું, હતાશા વ્યાપી ગઇ, પરંતુ સમયના વહેણમાં આવી ખોડ સાથે પણ માણસ જીવન માણવાનું શરૂ કરી દે છે.

**જીવનમાં સુખ એ અમૃત સમાન છે અને દુ:ખ એ વિષ સમાન છે. અમૃતની જ અભિલાષા અને અભિપ્સા માણસને હોય પરંતુ મર્દાનગીથી, હિંમતથી વિષને-દુ:ખને જીરવી જનારા સાચે જ મહામાનવ બની શકે, વિવેક અને વૈરાગ્યનો ભાવ ને, જો ત્યાગની ભાવના મનમાં જાગે, Forget and forgive "ભૂલી જવું અને માફ કરવું" આવો સ્વભાવ કેળવાય તો જ આપણે સંસારના વિષને પચાવી શકીએ, જીરવી શકીએ.** વિષાદના વાદળ જ્યારે જીવનમાં ઉમટી આવે ત્યારે ધીરજ ધારણ કરો. મૌન ધારણ કરી મનને મંત્રજાપમાં, નામ સ્મરણમાં કે પ્રભુ પ્રાર્થનામાં પરોવી દો, પ્રવૃત્ત કરી દો. મનની મૂંઝવણ મંદીરમાં કે પૂજા રૂમમાં પરમાત્મા પાસે કે ગુરૂદેવ પાસે, પ્રત્યક્ષ હાજર હોય તેવા ભાવ સાથે રજૂ કરો. આંસુઓને વહેવા દો. મૂંઝવણનો અવરોધ હટી જશે. માર્ગ મોકળો થઇ જશે. મનનો ઘોંઘાટ, વિચારોના વમળો શમી જશે. અંતરાત્માનો અવાજ સંભળાશે, પ્રેરણા મળશે, નવી દિશા સૂઝશે. જીવનના અંધકારમાં પ્રકાશનું કિરણ દેખાશે. વિવેકનો સૂર્ય પ્રકાશી ઉઠશે.

**તમારી જીવન નૈયાના ખેવૈયા પરમાત્માને, મા ભગવતીને બનાવી દો. સાચી શ્રધ્ધા અને શરણાગતિ સ્વીકારો. મૂંઝવણો, સમસ્યાઓ, ઝંઝાવાતો પાણીના પરપોટાની જેમ શમી જશે. સામનો કરવાની શક્તિ તમારામાં આવી ગઇ હશે. કારણકે પીઠબળ માતાજીનું, સદ્ગુરૂનું સાથે જ છે.**

પોતાની જાત પ્રત્યે ફરજ અદા કરવા પાછળ મારો આશય વ્યક્તિએ પોતાનું શારીરિક, માનસિક અને બૌધ્ધિક સ્વાસ્થ્ય જાળવવા હંમેશા પ્રયત્નશીલ રહેવું. અનીતિમય જીવન, અઘટિત વ્યવહાર, અને વ્યસનોથી દૂર રહેવું. પોતાની જાત ઉપરાંત કુટુંબ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ માટે પોતાનું સાત્ત્વિક યોગદાન આપવા હંમેશા તત્પર રહી જીવન જીવવાનો આનંદ માણવો જોઇએ.

પોતાના કુટુંબમાં, ઘરમાં, સુસંસ્કારોનું સિંચન થાય, સુસંસ્કૃતિનું પાલન થાય, નિર્માણ થાય, સાત્વિક રચનાત્મક વિચારોનું વાતાવરણ પ્રસરતું રહે, કુટુંબના દરેક સભ્યની બૌધ્ધિક અને આત્મિક શક્તિનો વિકાસ થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ, તેવા વાતાવરણનું નિર્માણ થાય તેવો પુરૂષાર્થ કરવો જોઇએ. કુટુંબના સભ્યો પ્રત્યે માન, આદર, પ્રેમ અને આત્મિયતા કેળવવી જોઇએ.

માણસ જીવનમાં પ્રેમ, શાંતિ અને સમભાવ રાખી વિવેક પૂર્વક જીવનના કોઇપણ ક્ષેત્રમાં કાર્ય કરે તો સફળતા તેને વરે જ છે. જીવનના ઝેરને અમૃતમાં પરિવર્તિત કરવાનો આ જ તો રામબાણ ઇલાજ છે, સાચો માર્ગ છે.

**તમારી સફળતાના તાજમાં અહંતા, અભિમાન ન પ્રવેશે તે માટે સતત સાવધ રહેવાની જરૂર છે. પોતાની જાતને જીવનના કોઇપણ પુરૂષાર્થમાં એક સાધનમાત્ર, નિમિત્તમાત્ર ગણી અનાસક્ત ભાવે કાર્ય કરજો. સફળતાનો તાજ પરમાત્માને જ પહેરાવવાની પ્રથા રાખશો તો જીવનમાં હંમેશા હિતેચ્છુઓ જ મળશે.**

**પરમાત્માએ, જ્ઞાન, બુધ્ધિ અને પુરૂષાર્થ દ્વારા સફળતા હાંસલ કરાવી પદ, પ્રતિષ્ઠા અને પૈસો પ્રાપ્ત કરાવી આપ્યો હોય તો તેને પરમની પ્રસાદી સમજીને પરમાર્થ માટે જ વાપરજો.** પદ, પૈસો ને પ્રતિષ્ઠાના મદમાં પરમાત્માના પ્યારા સંતો અને પરમાત્માની આરાધના કરવા નિર્માણ પામેલા દેવ સ્થાનો પર મંદીરો, આશ્રમો પર પ્રતિષ્ઠા જમાવવાનો પ્રયત્ન ક્યારેય ન કરશો, અહમ્‌ને ન પોષશો. **પરમાત્માની સૃષ્ટિમાં વિસંવાદિતા ક્યારેય ન પ્રસરાવશો. કર્તાપણાનો ભાવ ભૂલશો તો જ ભગવાનના ભાવિક ભક્ત બની શકાશે.**

વ્હાલા બાળકો, મને જો તમે ગુરૂપદે વિરાજીત કર્યો હોય તો મારા આ આદર્શો છે, આદેશો છે. શિષ્યનું કર્તવ્ય, ફરજ, ધર્મ સમજી તેને જીવનમાં આત્મસાત્ કરજો, અને જગતમાં પ્રસરાવજો. માનવતાનું વર્તુળ વિકસાવજો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. ॥ ૐ મા ૐ ॥

## મને પૂકારજો

*તા. ૧૬-૭-૨૦૦૦* *રાજયોગી નરેન્દ્રજી*

વ્હાલા આત્મિય જનો,

આજનો ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ પતી જશે. પરંતુ આજના સંસ્મરણોને વાગોળતાં, આનંદતા તમે ઘરે જશો અને પાછા પોતપોતાના વ્યવસાયમાં પરોવાઇ જશો.

**પરંતુ આજે હું આપ સર્વેને એક વચન આપું છું કે, આપને માયાની માયાજાળમાંથી માર્ગ મેળવવાની જરૂર પડશે ત્યારે મને અંતરથી યાદ કરજો, આપને સૂક્ષ્મરૂપે સહાય થવા હું અવશ્ય પ્રયત્ન કરીશ. મુસીબતમાં તમારા પર છત્રી ધરી તમારી નજદીક ઊભો રહીશ.**

ભરસભામા દ્રૌપદીએ વિષમ પરિસ્થિતિમાં, અંતરના ઊંડાણમાંથી કૃષ્ણને પ્રાર્થના કરી અને વસ્ત્રના રૂપે પરમાત્મા શ્રીકૃષ્ણ હાજર થયા અને દ્રૌપદીની ભકિતની શકિતનો અહેસાસ જગતને કરાવ્યો. હું તમારા પ્રત્યે હાથ લંબાવવા તૈયાર જ છું. તમારે ફકત એ હસ્તને ગ્રહણ કરવાની ક્ષમતા, પાત્રતા કેળવવી પડે.

**આપ સત્યાચરણ કરો, મન, વચન, કર્મથી પવિત્ર બનો, નવસિધ્ધાંતોનું આચરણ કરો, અને પછી તમારી મદદે દોડી આવવાની તમારી પ્રાર્થના મને જરૂર સંભળાશે અને મારી સૂક્ષ્મ હાજરીનો અહેસાસ આપને અનુભવાશે. આપનું યથોચિત યોગ્ય કાર્ય હશે તો તેમાં આપને અવશ્ય ગેબી સહાય મળશે.**

[પાત્રતા કેળવજો અને પછી જ પુકારજો.] Condition

॥ ૐ મા ૐ ॥

## જન્માષ્ટમી ઉત્સવ

તા.૨૩-૮-૨૦૦૦

જન્માષ્ટમી સંધ્યાએ કુટીર નંદ ઉત્સવ માટે શોભી રહી હતી, મલકી રહી હતી. મંદીરમાં માતાજીની છબીના સાનિધ્યમાં બાળકૃષ્ણની મૂર્તિને બાજઠ પર પધરાવી હતી. ગોકુળ, વૃંદાવનનો માહોલ, સમગ્ર વાતાવરણમાં વરતાતો હતો. શ્રી મુંજાલભાઇની રાહબરી હેઠળ ગાયકવૃંગે હૃદયસ્પર્શી અને સમસ્ત અસ્તિત્વને કૃષ્ણમય બનાવી દે તેવા ભાવપ્રચુર ભજનો ગવરાવ્યાં. રાધાકૃષ્ણના સ્વાગમાં ચિ. ટવીંકલ અને ચિ. કૃપાલીએ ભાવવાહી સુંદર મનભાવન નૃત્ય રજુ કર્યું હતું. રાધાકૃષ્ણના વેશ પરિધાન કરેલ આ બે બાળાઓએ શ્રધ્ધાકુટીરના ચોકને બંસીબટના ચોકની પ્રતીતિ કરાવી હતી. આજ ચોકમાં રાસની રમઝટ પણ જામી હતી.

પૂજય ગુરૂદેવે કેસરીયા રંગની ધોતી અને અંગરખુ પરીધાન કર્યા હતાં. પૂજયશ્રીએ પોતાનું વકતવ્ય રજુ કરતાં શ્રીકૃષ્ણના ક્રાંતિકારી, સમાજસુધારણા અને અંધશ્રધ્ધા નિવારવાના કાર્યોને આપણા જીવનમાં અપનાવવાનો, અનુરોધ કર્યો હતો. મહાન આત્માઓનો જન્મદિવસ ઉજવવા પાછળનો હેતુ માનવ સમાજને આ અવતારી મહાપુરૂષોનાં કાર્યો, આદર્શો, અને આદેશોની પહેચાન કરાવી, જીવનમાં અપનાવવાનો, સમાજમાં ગતિશીલ કરવાનો પ્રેરણા દિવસ છે તેમ જણાવ્યું હતું.

**"જય જયશ્રી કૃષ્ણ વ્હાલા યશોદાનો લાલો"** ની ધૂન સાથે હિંચકા પર શ્રી કૃષ્ણને ઝુલાવ્યા, ગૌરકૃષ્ણ સમા રાજયોગીજીએ ભકતોને પ્રસાદ વહેંચ્યો, પ્રસાદની મટકી ફોડી અને માખણ લૂંટવાની ચેષ્ટા ભકતોએ કરી, પ્રસાદ લૂંટી આનંદનું વાતાવરણ સર્જી દીધું હતું. રાતે ૯ વાગે પ્રોગ્રામની પૂર્ણાહૂતિ કરી કૃષ્ણભાવના લઇ સહુ વિખરાયા.

## તમારૂં તકદીર તમે જ બદલી શકશો.

**પૂ.રાજયોગી નરેન્દ્રજી** તા.૨૩-૮-૨૦૦૦

વ્હાલા ગોપગણ,

આજે શ્રાવણ વદ આઠમ; શ્રી કૃષ્ણ ભગવાનની જન્મજયંતિ, અવતારી અને મહાન આત્માઓનો જન્મદિવસ ઊજવવા પાછળનો મુખ્ય હેતુ માનવ સમાજને આ અવતારી મહાપુરૂષોના કાર્યો, આદર્શો અને આદેશોની પહેચાન કરાવી, પ્રેરણા મેળવી, જીવનમાં અપનાવવાનો, સમાજમાં પ્રસરાવવાનો, ગતિશીલ કરવાનો છે. તેમના સમાજ અને રાષ્ટ્ર અને વિશ્વકલ્યાણના કાર્યોને વિશ્વકલ્યાણ અર્થે સમાજમાં વહાવવાનો આ પ્રેરણા દિવસ છે.

સમયના વહેણમાં સામાન્ય માણસો અને તેમના કાર્યો વિસરાઇ જાય છે, વિલિન થઇ જાય છે; પરંતુ અસામાન્ય વ્યકિતત્વ, મહામાનવ ચિરંજીવ બની જાય છે; લોક હૃદયમાં તેમનું સ્થાન અંકીત થઈ જાય છે.

પરમાત્મા સ્વયમ્ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પ્રગટ થયા. જન્મતાંની સાથે જ અવતાર કાર્યનો આરંભ કર્યો. જીવનની એક ક્ષણ પણ તેમણે વ્યર્થ ગુમાવી નથી. પરમનો અવતાર હોવા છતાં ગોકુળની જડચેતન સૃષ્ટિમાં, ગોકુળવાસીઓમાં એકરૂપ બની ગયા હતા. સહુના પ્રીતિપાત્ર બની ગયા હતા. રાગ, દ્વેષ, ઈર્ષ્યા અને અહમ્‌ને અળગો કરી નિઃસ્વાર્થ, નિર્દોષ પ્રેમનું સામ્રાજ્ય સર્જી સહુના પ્રેમના અધિકારી બની ગયા હતા. પ્રેમ આપ્યા વગર પ્રેમ મેળવી શકાતો નથી. આ હકીકત શ્રીકૃષ્ણના જીવનમાંથી નીખરી આવે છે. આવો પ્રેમભાવ આપણે કેળવીએ તો આપણે પણ પ્રેમમય સૃષ્ટિ સર્જી શકીએ. આપણે આપણી અંદર

ચૈતન્ય સ્વરૂપે બિરાજીત પરમના અંશ સમા આત્માને, અંતરાત્માને પ્રેમ કરીએ, તેના અવાજને અનુસરીએ તો દુર્વૃત્તિઓના વમળમાંથી, દુર્વૃત્તિઓના વળગણમાંથી બચી જઈએ અને વિવેકપૂર્વક વર્તન કરી શકીએ, જીવન જીવી શકીએ.

શ્રીકૃષ્ણે ગોકુળવાસીઓમાં વ્યાપ્ત કુરિવાજો, અંધશ્રદ્ધા, અન્યાય મીટાવવા માટે ક્રાંતિ સર્જી, ઈન્દ્રરાજાની પૂજા કરવામાં આવે તો જ મેઘરાજાની પધરામણી થાય તેવી ગોકુળવાસીઓની માન્યતા મીટાવવા તેમણે, ઈન્દ્રરાજાની પૂજાવિધિ બંધ કરાવી. વર્ષાનું આગમન તો સૃષ્ટિના નિયમ પ્રમાણે થાય નહિ કે ઈન્દ્રરાજાની કૃપાથી, મહેરબાનીથી, **આપણે પણ આપણા કોઈપણ મનવાંછિત કાર્યની પૂર્તિ અને સફળતા માટે બાધા, આખડી, અંધશ્રદ્ધા અને કુરિવાજોના વમળમાંથી મુક્ત થવાની પહેલ કરવી જોઈએ.** અમુક દેવદેવીને પ્રસન્ન રાખવા, કે ઈચ્છિત ફળ મેળવવા માટે આપણે બાધા, ઉપવાસ, વ્રત, જપ, પૂજા વિગેરે કરતા હોઈએ છીએ. દેવદેવીઓ સાથે આપણે વ્યાપાર માંડીએ છીએ. આ બાબત ઈચ્છનીય નથી જ. તમે પુરૂષાર્થ કરો, સાત્વિક જીવન જીવો, ઈશ્વરનું સાન્નિધ્ય કેળવો, અનાસક્ત ભાવે વ્રત, જપ, તપ, પૂજા કરો અને પછી જુઓ, તમારૂં તકદીર તમે જ બદલી શકશો. તમારા પુરૂષાર્થનું ફળ ઈશ્વરકૃપાથી તમને મળી જ રહેશે. **આપણે આંધળુ અનુકરણ ન કરીએ. કોઈના દોરવાયા ન દોરવાઈ જઈએ. અસાત્વિક કાર્યોમાં, અંધશ્રદ્ધામાં ન અટવાઈ જઈએ.**

**સાંપ્રત સમયમાં દૃઢ મનોબળ, તેમજ સાચી શ્રદ્ધા કેળવવા માટે સત્સંગ, સ્વાધ્યાય, સદ્‌વાંચન, અને સંતસમાગમ જ ફળદાયી, લાભદાયી નીવડી શકે. આત્મ વિશ્વાસ કેળવવા માટે આ જ સાચો રસ્તો છે. આત્મવિશ્વાસ ન હોવાથી જ માણસ અંધશ્રદ્ધા તરફ દોરવાય છે અને અવિવેકી આચરણ કરવા પ્રેરાય છે.**

શ્રી કૃષ્ણ મહાન વ્યક્તિ હોવા છતાં ગૃહસ્થી તેમ જ કુટુંબીજનો, પરિવાર પ્રત્યે પોતાની ફરજ અને વાત્સલ્ય હંમેશા અદા કર્યા છે. વ્યાવસાયિક અને ગ્રાહસ્થ્યની બેવડી જવાબદારી નિભાવતાં આપણે ઘરમાં, કુટુંબ પરિવારમાં વ્યવસાયનું, ધંધાનું, હોદ્દાનું ટેન્શન, ચિંતા ન આવવા દઈએ. પરંતુ સુખ, શાંતિ, આનંદનું વાતાવરણ ઘરમાં સર્જાય અને સચવાઈ રહે, છવાયેલું રહે તેવો પ્રયત્ન હંમેશા કરવો જોઈએ. વ્યવસાયને, હોદ્દાને ઘરમાં ન લઈ જઈએ અને ઘરને વ્યવસાયમાં ન લઈ જઈએ તેવો વિવેક આપણે દાખવવો જોઈએ.

શ્રી કૃષ્ણ મિત્રો પ્રત્યે હંમેશા વફાદાર અને મૈત્રી નિભાવવામાં પ્રેમાળ, કુશળ અને વિવેકી હતા. તેમણે પદ, પ્રતિષ્ઠા કે પૈસાને મૈત્રીભાવમાં ક્યારેય આડે આવવા દીધાં ન હતા. કૃષ્ણ સુદામાનો પ્રેમ, કૃષ્ણ અર્જુનનો સખાભાવ, જગવિખ્યાત છે. આપણે આપણા બાળમિત્રો, લંગોટીયા ભાઈબંધો, પ્રત્યે મૈત્રીભાવ, આત્મિયભાવ કેળવી સુખદુઃખમાં સહભાગી થવા હંમેશા તત્પર રહેવું જોઈએ. આપણા પદ પ્રતિષ્ઠાને પૈસો મૈત્રીભાવમાં ખાઈ સમાન બની રહેવો ન જોઈએ. **આપણે આપણા મિત્ર, પડોશી કે સગાંસહોદરની પ્રાંગરતી વેલને ચઢાવવા માટે સહારો આપીને, સહાય કરીને વાડ બની શકતાં હોઈએ તો તેના માટે હંમેશા તન, મન, ધનથી હંમેશા તત્પર રહેવું જોઈએ. કોઈ દીકરીનું કન્યાદાન, કોઈ વિદ્યાર્થીનું શિક્ષણ, કોઈ માંદાની સારવાર કોઈ ભૂખ્યાને અન્ન વસ્ત્ર વિગેરે માટે આપણું દિલ મદદ માટે હંમેશા તલસતું રહેવું જોઈએ.**

શ્રીકૃષ્ણમાં આપણે ધીરજ અને સહન શીલતાના દર્શન કરીએ છીએ. કુરૂક્ષેત્રનું યુદ્ધ ટાળવા માટે, દુર્યોધનને સમજાવવા-વિષ્ટિ કરવા તેમણે અનુપમ ધીરજ અને સમજણ દાખવી હતી. સ્યમંતકમણિની ચોરીના આરોપ વખતે તેમજ શિશુપાલે સો સો ગાળો સંભળાવવા છતાં સહનશીલતા દાખવી હતી.

શું આપણે આપણા કૌટુંબિક, સામાજીક કે વ્યાવસાયિક પ્રસંગોમાંથી ઉદ્‌ભવતી વિસંવાદિતા વખતે ધીરજ અને સહનશીલતા કેળવી મૌન ધારણ કરી કલુષિતતામાંથી પાર ન ઉતરી શકીએ ? વિવેક કેળવીએ તો વિસંવાદિતાને ટાળી શકાય.

શ્રી કૃષ્ણમાં સેવા અને નમ્રતાનો મહાન ગુણ હતો. યુધિષ્ઠિરજીના રાજસૂર્ય યજ્ઞ વખતે મહેમાનોની એંઠી પતરાળી ઉઠાવવાની સેવા આ મહામાનવે સ્વીકારી હતી. આપણે આપણા ઘરમાં, કુટુંબમાં સમાજમાં કે અન્ય કોઈ સારા માઠા પ્રસંગે આપણે નમ્રતા દાખવી સેવાનું કોઈપણ કાર્ય ઉપાડી લેવું જોઈએ.

આપણો અહમ્, પદ, પ્રતિષ્ઠા કે પૈસાને સેવા કાર્યમાં આડે આવવા દેવાં ન જોઈએ.

શ્રી કૃષ્ણ તો ભગવાન હતા જ્યારે આપણે તો સામાન્ય માનવીઓ છીએ, આપણાથી આવા મહાન કાર્યો કેવી રીતે થઈ શકે ? આવો પ્રશ્ન કદાચ આપણને થાય, પરંતુ કૃષ્ણે માનવ સ્વરૂપે આ કાર્યો કર્યા છે. કૃષ્ણ ભગવાન હતા તો આપણે પરમાત્માના અંશ તો ખરા જ ને ! પરમાત્માનું ચેતનતત્વ આપણામાં વિલસી જ રહ્યું છે. પરમના આ ચેતન તત્વને પીછાનવા માટે, કાર્યાન્વિત કરવા માટે પરમાત્માનું સતત સાનિધ્ય, આપણને સાત્વિક ગુણોથી સભર તો કરી જ દે. આપણે ભગવાનની મિત્રતા કરીએ, તેમની સાથે બાળભાવ કેળવીએ તો તેમનું વાત્સલ્ય આપણા પર સદાય વરસતું રહે. આપ પુરૂષાર્થ કરો મારા આપ સર્વેને આશીર્વાદ છે.

॥ ૐ મા ૐ ॥

## "પત્થર છું કુટીરનો"

*હેમંત ઉપાધ્યાય* *૧૪-૪-૨૦૦૦*

(મારાં સ્વદોષોનું નિરપેક્ષભાવે મુલ્યાંકનકરીને આપશ્રીના ચરણોમાં મૂકું છે.)

**પત્થર છું કુટીરનો, ષડ્‌રિપૂઓ થકી ભરેલો,**
**બંધાયેલો કર્મથી ને અવગુણોથી ભરેલો...**
**ટંકાયેલો શેતરંજીએ ને સત્સંગથી મઢેલો**
**નવસૂત્રથી દબાયેલો ને શક્તિમંત્રથી ચણેલો...**
**ચરણમાં મસ્તક તોય આચરણથી દૂર ભાગેલો**
**કંધે સ્પર્શ આશિષ તોય નયન ઝૂકાવેલો...**
**ના બનું બાળ કે આત્મીયજન તમ વ્હાલો**
**સંધ્યાટાણે પાપો ધોઉં તોયે સમય છે વ્હાલો...**

**: પ્રાર્થના :**

**મૂકો ચરણ મસ્તકે ને આવરણોને હઠાવો**
**સ્પર્શથી ના વળે કાંઈ, તો લાતથી મનાવો...**
**તાત્, અમારાં જીવનવનમાં તમ સુગંધ પ્રસરાવો**
**પત્થરને પણ મંત્રથી, તમ વ્હાલા બાળ બનાવો**
**તમ વ્હાલાં બાળ બનાવો.**

# સહજ ઉપાસનાના ઉદ્‌ગારો

ક્રમશઃ ૯

ડૉ. નાન્દી તપસ્વી

ઈશોપનિષત્‌માં પણ આ જ ભાવ છે કે, વ્યક્તિએ નિષ્કામભાવે કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની કામના કરવી. આ રીતે જ કર્મ કરવાનું છે, બીજી કોઈ પદ્ધતિ નથી. આમ કરવાથી કર્મ વ્યક્તિને બંધનરૂપ થતું નથી.

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः
एवं त्वयि, नान्यथेत्तोऽस्ति, न कर्म लिप्यते नरे ॥
(ઈશ. ૨)

વાસ્તવમાં આ સચરાચર જગત એ પરમતત્વનું નિવાસસ્થાન છે. તેથી વ્યક્તિએ તેમાં મારું તારુંના ભાવ વગર, અર્થાત્ ત્યાગભાવનાથી સઘળુ ભોગવવાનું છે. કોઈ બીજાનું પચાવી પાડવાની ભાવના, બૂરી ભાવના ન કરવી જોઈએ.

ईशावस्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथाः, मा गृधः कस्य स्विद्धनम् ॥
(ઈશ. ૧)

શ્રીકૃષ્ણ જણાવે છે કે પોતાને કોઈ કર્મનાં બંધન થતાં નથી અને નથી પોતાને કર્મના ફળ વિષે સ્પૃહા. પરમતત્વ કેવળ આનંદ ખાતર, કલ્યાણ ખાતર કર્મ આચરે છે એવું જે ભક્તો જાણે છે તે બધા કર્મના બંધનમાં જકડાતા નથી. પૂર્વે મુમુક્ષુઓ મોક્ષની ઈચ્છાવાળાઓએ આ રીતે જ કર્મ આચર્યું હતું. વાસ્તવમાં કર્મ શું, અકર્મ શું, એનો નિર્ણય તારવવામાં ભલભલા વિદ્વાનો પણ ગોથાં ખાઈ જાય છે. તેથી વ્યક્તિએ કર્મ, અકર્મ, વિકર્મ સઘળા વિષે જાણવું જરૂરી છે. કેમ કે કર્મની ગતિ અટપટી છે - **गहना कर्मणो गतिः** (૪, ૧૭, ડી) વાસ્તવમાં જે વ્યક્તિ કર્મમાં અકર્મ જુએ છે અને અકર્મમાં કર્મ જુએ છે. તે જ મનુષ્યોમાં પંડિત છે અને એ જ બધાં કર્મો સાચી રીતે કરનારો છે. જેના બધા જ આરંભ અંગત બદલાની ભાવના વગરનાં છે, તેનાં કર્મોનાં બંધન જ્ઞાનાગ્નિથી બળી જાય છે. એવાને લોકો પંડિત કહે છે. શ્રીકૃષ્ણ જણાવે છે કે,

गतसंगस्य मुक्तस्य ज्ञानार्वास्थतचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥
(જ. ૨૩)

અર્થાત્, જે મારા-તારાના ભાવથી મુક્ત છે, જેનું ચિત્ત જ્ઞાનમાં - પરમતત્વ જ કર્તા હર્તા છે. પોતે એની ઈચ્છાથી નિમિત્તમાત્ર બની કર્મ કરે છે. એવા જ્ઞાનમાં - સ્થિત છે, અને જે યજ્ઞ ભાવનાથી કર્મ કરે છે. તેનાં બધાં કર્મો નાશ પામે છે. અર્થાત્ તેનાં કર્મોનાં બંધન થતાં નથી. શ્રીકૃષ્ણ અનેક પ્રકારે યજ્ઞકાર્ય થઈ શકે છે એવું ભગવદ્‌ગીતામાં સ્પષ્ટ કરે છે. દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, અપાનમાં પ્રાણનો અથવા પ્રાણમાં અપાનનો હોમ, અથવા પ્રાણ-અપાન બન્નેની ગતિને અવરોધીને પ્રાણાયામ કરવા, નિયંત્રિત આહારવાળા બની પ્રાણોને પ્રાણમાં હોમવા, અને પૂજ્યશ્રીએ સૂચવ્યો છે

તે 'ૐ મા ૐ, સ્વાહા' સાથેનો દીપયજ્ઞ. આવા અનેક પ્રકારના યજ્ઞો પ્રવર્તિત કરાયા છે. મહત્વ 'યજ્ઞ' માટે, સ્વને જતું કરી નિસ્વાર્થ રીતે કર્મ કરવું તે વિગતનું છે. અનેક પ્રકારના યજ્ઞોમાં દ્રવ્યમય યજ્ઞથી જ્ઞાનયજ્ઞ ચડિયાતો મનાયો છે. કેમ કે કર્મ માત્ર જ્ઞાનમાં પરિસમાપ્ત થાય છે. પૂજ્યશ્રી પણ એ જ જણાવે છે કે, ઉપાસનાનો આરંભ એટલે વિચાર, વાણી, અને વર્તનની પરિશુદ્ધિ. વર્તનની પરિશુદ્ધિ એટલે નિઃસ્વાર્થ રીતે, નિષ્કામભાવનાથી, પ્રભુપ્રીત્યર્થે, ભક્તિરૂપે સમગ્ર કર્મ આચરવું. એ જ 'યજ્ઞ' રૂપ મનાયું છે. **શ્રી કૃષ્ણ જણાવે છે કે, જે જ્ઞાનમાં સઘળું પરિસમાપ્ત થાય છે તે જ્ઞાન વિષે જ્ઞાનીઓ પાસેથી જાણવું, પ્રણિપાતથી, પરિપ્રશ્નથી વારંવારના ઈષ્ટ પ્રશ્નોથી અને જ્ઞાનીઓના સદ્‌ગુરુના ચરણસેવનથી. જ્ઞાનાગ્નિ બધાં કર્મોને ભસ્મીભૂત કરે છે જે શ્રદ્ધાળુ છે તે જ્ઞાન પામે છે, અને જ્ઞાન પામીને વ્યક્તિ પરા શાન્તિ તત્ક્ષણ જ પામે છે.** કર્મફલત્યાગની ભાવના કેળવવાથી 'યજ્ઞ' સિદ્ધ થાય છે. એને માટે પૂજ્યશ્રી જણાવે છે તેમ કોઈ વિધિવિધાન અનિવાર્ય નથી.

## રામનવમી

*પૂ.રાજયોગીજી* *તા. ૧૨-૪-૨૦૦૦*

શ્રદ્ધા કુટીરમાં રામનવમીનો ઉત્સવ અતિ ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો. ગાયકવૃંદે ધૂન, ભજનોથી શ્રદ્ધા કુટીરમાં ભક્તિનું વાતાવરણ સર્જી દીધું હતું.

પૂજ્ય રાજયોગીજીએ પોતાનું વક્તવ્ય રજુ કરતાં ભાવવાહી સ્વરમાં જણાવ્યું હતું કે, **"અસાત્વિકતાના આ યુગમાં પરમાત્મા સાત્વિક આત્માઓની શોધમાં જ હોય છે. સદ્‌ગુણી, સાત્વિક આત્માઓને પરમાત્મા પોતાના પ્રીતિપાત્ર બનાવી જ દે છે. આપસર્વે સાત્વિક પુરૂષાર્થ કરો."**

ગૃહસ્થ ધર્મની. આચારસંહિતા દર્શાવી સાંપ્રત સમયની દાંમ્પત્યજીવનની અને ગૃહસ્થાશ્રમમાં ઉદ્‌ભવતી વિસંવાદિતાઓ મીટાવવાનો પ્રયાસ કર્યો છે.

## સાત્વિક પુરૂષાર્થ કરો

વ્હાલા આત્મિયજનો,

પરમાત્માએ અયોધ્યામાં શ્રી રામચંદ્રજી સ્વરૂપે દશરથરાજાના ગૃહે અવતાર ધારણ કર્યો હતો. એ પાવનકારી દિવસ ચૈત્ર સુદ નોમ, રામનવમી તરીકે જગવિખ્યાત થઈ ગયો, ચિરંજીવ બની ગયો. રામચંદ્રજીની અવતાર લીલા દરમિયાન તેમના આદર્શો અને આદેશોને જીવનમાં આત્મસાત્ કરીને જીવનનો સાત્વિક વિકાસ કરવાનો આ પ્રેરણા દિવસ છે.

શ્રી રામચંદ્રજી સ્વયં પરમાત્મા હોવા છતાં માનવ સહજ લીલાઓ કરી. પરમાત્માનું ઉદ્દેશ કાર્ય પૂર્ણ કરી અવતાર લીલાને સહજ રીતે સંકેલી લીધી. રામાવતારનું સંભારણું એટલે જ રામનવમી.

શ્રી રામચંદ્રજી પરમનો અવતાર છે તો માનવ પરમનો અંશ છે. બંનેના બાહ્ય દેખાવ સ્વરૂપ સરખું છે તો પછી ભેદ ક્યાં છે ? ભેદ છે ભીતરમાં, ભેદ છે કર્મોમાં, ભેદ છે આચરણમાં.

સંસારની માયાજાળમાં ગૂંથાયેલા માણસને ષડ્‌વૃત્તિઓ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, વિવેકહીન, ચારિત્ર્યહીન, અનીતિમય આચરણ કરવા પ્રેરે છે. આસક્તિયુક્ત અને અસાત્વિક કર્મોની

પરંપરા સર્જાતી જાય છે. આસક્તિયુક્ત કર્મો માણસને જન્મમરણના-આવાગમનના ચક્રમાં ફસાવી દે છે.

**આ પરરિસ્થિતિમાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય ખરો ? માણસં પરમાત્માની કૃપા પ્રસાદીનો, સેવાનો, પ્રેમનો અધિકારી ક્યારે બની શકે ? કેવી રીતે બની શકે ?**

માણસ પરમાત્માની કૃપાદષ્ટિનો, કૃપાપ્રસાદીનો, સેવાનો, પ્રેમનો અધિકારી જરૂર બની શકે. ભરતજી, લક્ષ્મણજી, હનુમાનજી, ગુહરાજા, કેવટ, વિભીષણ, જાંબવન, વાનરસેના, શબરી વિગેરે. સાત્વિક આત્માઓ - સાત્વિક માનવો, રામજીની કૃપાદષ્ટિના, પ્રેમના, સેવાના અને આત્મીયતાના અધિકારી બની જ શક્યા હતા. આ મહાનુભાવો પણ આ ધરતીના જ માનવો હતા ને ! તેઓ સર્વે સાત્વિકતાથી સભર, સહનશીલ, સેવા પરાયણ, વિવેકી, નિર્દોષ, નિર્મળ પ્રેમ, અતૂટ શ્રદ્ધા અને સંપૂર્ણ શરણાગતિ ભાવથી પ્રચુર હતા.

**સુજ્ઞજનો, સંસારની માયાજાળમાંથી મુક્ત રહી, અનાસક્તભાવે કર્મ કરો, સદ્‌ગુણી બનો, મન વચન કર્મથી સાત્વિકતાનું જ આચરણ કરો તો પરમાત્માની કૃપાદષ્ટિના અધિકારી ચોક્કસ બની શકશો.**

સાથે સાથે આપે સફળ ગૃહસ્થી બનવા માટે અને આપના જીવનમાં અને સંસારમાં સુખ શાંતિનું સામ્રાજ્ય સ્થપાય તે હેતુથી ગૃહસ્થ ધર્મની આચારસંહિતા દર્શાવું છું. આપ તેનો અમલ કરશો જ, તેવી મને શ્રદ્ધા છે.

*ગૃહસ્થજીવનની આચારસંહિતા*

**૧. ગૃહસ્થીએ પોતાના ઈષ્ટદેવની નિયમિત ઉપાસના કરવી.**
**૨. નીતિમય જીવન જીવવું.**
**૩. કુટેવો અને વ્યસનથી દૂર રહેવું.**
**૪. દરરોજ સ્વદોષોનું નિરપેક્ષભાવે મૂલ્યાંકન કરી સાત્વિક રચનાત્મક જીવન જીવવું.**
**૫. સમયનો સદ્‌ઉપયોગ કરવો.**
**૬. માતા-પિતાની સેવા કરી, સ્વજનો પ્રત્યે આત્મીયતા અને સદ્‌ભાવના રાખવી.**
**૭. અતિથિ સત્કાર અને સન્માન કરવું.**
**૮. દાંમ્પત્ય જીવનમાં ઉભય પતિ-પત્નિ વચ્ચે પ્રેમ, આદર અને ઐક્યતાનો ભાવ પ્રસ્થાપિત કરવો.**
**૯. સંતાનોમાં સુસંસ્કાર અને સુસંસ્કૃતિનું સિંચન કરવું.**

અસાત્વિકતાના આ યુગમાં પરમાત્મા સાત્વિક આત્માઓની શોધમાં જ હોય છે. સદ્‌ગુણી, સાત્વિક જીવોને પરમાત્મા પોતાના પ્રીતિપાત્ર બનાવી જ દે છે. આપ સર્વે સાત્વિક પુરૂષાર્થ કરો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. ॥ ૐ મા ૐ ॥

## રામનવમી

**ન ભરી સભાઓ ન દીધા ઉપદેશો, મૌન રહી નાદ ગજાવી જાણ્યો.**
**જીવનનું કાર્ય ખુલ્લી કિતાબમાં, વહેતું રહ્યું વિશ્વના વહેણમાં.**
**હતા રાજવી વંશના, ભેખ લદાયો વનવાસનો**
**વનવાસ જીંદગીમાં એ જ ઉપદેશ, વસાવો એ ઉપદેશને તમ જીવનમાં**

# સામર્થ્ય સદ્‌ગુરુનું

*શ્રી રમેશભાઈ બારોટ* *તા. ૧૬-૭-૨૦૦૦*

સામર્થ્ય સદ્‌ગુરુનું તો અધિકાર છે, ગુરુદક્ષિણાનોય મને
કહેવું છે. શું જોઈએ મારે, હિંમત કરી જો કોઈ પૂછનાર મળે.

ખજાનો અણમોલ, લઈને બેઠો છું, લુંટાવી દેવાને
મોજ આવી જાય, ખરો જો કોઈ લુંટનાર મળે

ભરી ઉભો છું, સુરાહી છલોછલ
જામ ભરી દેવાનેં, સાચો જો કોઈ, પીનાર મળે

ખેવના છે મને, મારું જ, પ્રતિબિંબ જોવાની
દર્પણ ચોખ્ખું, જો કોઈ, એ ઝીલનાર મળે.

ધબકવું છે મારે, કોઈકનો ધબકાર બનીને
હૈયુ ખાલીખમ, જો કોઈ મને, સોંપનાર મળે.

ઓળખાઈ જાવું છે મારે આખે આખું,
દૃષ્ટિ દિવ્ય, જો કોઈ, આરપાર મળે.

વરસવું છે, વાદળ થઈ, સાંબેલા ધાર,
પૂરેપુરું જો કોઈ, પલળી જનાર મળે.

ધરાવું છું તાકાત, મૃગજળનેય, જળમાં ફેરવવાની
બળબળતા રણમાંય, જો કોઈ લીલુછમ જોનાર મળે

વેરાન વગડે, વસંતો વેરી જાણું છું
પાનખરમાંય જો કોઈ, ટહુકનાર મળે

ભક્તોની ભીડ વચ્ચે, ભીંસાવું ગમે છે મને
એ જ આશાએ કે, કદીક સાચા કોઈ ભક્તનો દિદાર મળે.

॥ ૐ મા ૐ॥

# અદ્ભૂત અનુભવ - ચતુર્ધામયાત્રા

ડૉ. નાન્દી તપસ્વી

"मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः ।
क्षणमप्यवतिष्ठते श्वसन् यदि जन्तुर्ननु लाभवानसौ ।।"

રઘુવંશના આ પદ્યમાં કવિ કાલિદાસે પ્રાણીમાત્રની મરણશીલતાને અધોરેખાંકિત કરી આપી દઈ એક ક્ષણ પણ જીવવું એ લાભ છે, ઈશ્વરકૃપા છે, બાકી મૃત્યુ એ પ્રકૃતિરૂપ છે સ્વભાવ છે. આ વિગતની અનુભૂતિ કરાવનારી યાત્રા તે ચતુર્ધામયાત્રા । યાત્રાની અભિલાષા સેવતા કોઈ ભાવિકને ભડકાવવા માટે આ વચનો નથી લખ્યાં, બલ્કે આવી શક્યતા તો કેવળ યાત્રામાં જ નહિ, પણ જીવનના કોઈ પણ ક્ષેત્રે, ક્યારે પણ સંભવી શકે છે. ૨૧ માર્ચે, "Sir, Gujarat is waiting for you" એવું પ્રેમથી કહ્યું ત્યારે ક્યાં ખબર હતી કે, રાજીવભાઈ ૨૨મી મેને દિવસે આતંકવાદના ભોગ બની જશે. ગુજરાત આવવાને બદલે મોત એમને દક્ષિણમાં ખેંચી ગયું !! આવું જ હમણાં શ્રી રાજેશ પાયલોટનું થયું ! એટલે એ સઘળું ઈશ્વરાધીન છે. કાલિદાસે કહેલા બીજા વચનમાંથી આપણે બળ અને આત્મવિશ્વાસ કેળવવાનાં છે કે, "**विषमप्यमृतं क्वचि् भवद् अमृतं वा विषमीश्वरेच्छया** ।" વિષ અમૃત બની જાય કે અમૃત વિષમાં પલટાય! ઈશ્વરેચ્છાથી અને ખરેખર આ મુશ્કેલ યાત્રા અમારે માટે સરળ બની ગઈ. આ યાત્રા કેવળ ચતુર્ધામયાત્રા જ નહોતી, તે "**પ્રતીતિયાત્રા**" થઈને રહી. ગુરુકૃપાની પ્રતીતિ ત્યાં સ્થળે સ્થળે, ડગલે ડગલે, સમયે સમયે અને શ્વાસેશ્વાસે થતી રહી ! ન ઊંચાઈ નડી, ન ચક્કર આવ્યાં, ન ખોરાક નડ્યો, ન રહેઠાણની પ્રતિકૂળતા થઈ, ન વાહન બગડ્યું, ન રોડબ્લોક થયા, ન તબિયત બગડી, ન હવા પાતળી પડી, ન મન બગડ્યું, ન શાન્તિ જોખમાઈ, ન વાતાવરણ બગડ્યું - કેમ કે, દીકરીને-દીકરી ચિન્મયીને પિતા સમાન વત્સલ ગુરુદેવે ખુશ થઈને આશીર્વાદ આપ્યા હતા કે, "**शान्तानुकूलपवनश्च शिवश्च पन्थाः**" તમારો માર્ગ શાન્ત અને અનુકૂળ તથા કલ્યાણકારી બની રહો. હા, એક સલાહ આપી હતી કે, હર્ષાબેનને અનુકૂળ ના હોય તેવા સંદર્ભમાં બેઈઝ કેમ્પમાં રાખવાં.

પૂ. ગુરુદેવના આશીર્વાદથી યાત્રા માટે ખાસ તો સૌ. હર્ષાની શ્વાસની તકલીફના સંદર્ભમાં સચિન્ત ગુરુદેવે પણ છૂટ આપી - તેનાથી જ કૃપા પરંપરાની શરૂઆત થઈ. અમારું આખું યાત્રાપત્રક - સમયપત્રક - પૂ. શ્રી સાથે વિદેશ લેતા ગયા અને, "હું જોતો રહીશ, અને સાથે રહીશ" એવું અભયવચન આપતા ગયા. અમે એક જ કુટુંબના કુલ ૧૪ સભ્યો હતા તેમાં અમે ચાર - સૌ. હર્ષા, હું અને શ્રી મયૂરભાઈનાં માતાપિતાં - વૃદ્ધો હતા, મારે પણ પગની તકલીફ ! આર્થ્રાઈટિસ ! ઘેરી હતી અને સૌ. હર્ષાને આ ઉપરાંત શ્વાસની તકલીફની શક્યતા ! છતાં

"मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् ।
यत्कृपा तम वन्दे श्री नरेन्द्रगुरुं सदा ।।"

અમ જેવા પંગુઓને તેડીને પર્વતારોહણ કરાવીને પાછા લાવનાર સદ્ગુરુ રાજયોગીશ્રી નરેન્દ્રજીને કોટિ કોટિ નમસ્કાર ! સો વાતની એક વાત સારરૂપે કહી દઈશ કે, આ ચતુર્ધામયાત્રા તે સાહસયાત્રા હોવા છતાં અમારે માટે **કૃપાયાત્રા** બની રહી. Divine grace શું હોઈ શકે એનો સાક્ષાત્ અનુભવ એ

અમારી યાત્રાની ફલશ્રુતિ.એટલે સાથે પૂ. શ્રીને એ પ્રાર્થના પણ કરી લઉં કે, જ્યારે દેહભાન પણ ન રહે અને ઘડી પળ આવી પહોંચે ત્યારે પણ "સમય મારો સાધજો વ્હાલા ! કરું હું તો કાલાવાલા" એ પળને પણ આવી જ કૃપાપળ બનાવી જીવન અને મૃત્યુ બન્ને સફળ કરજો !

યાત્રાનો આરંભ ૬ઠ્ઠી મે ૨૦૦૦ને દિવસે થયો ત્યારે કલ્પના નહોતી, યાત્રાના રજીસ્ટ્રેશન વખતે કે જે સમય નક્કી થયો છે તે અણધાર્યું મુહૂર્ત છે. તે દિવસ અક્ષયતૃતીયા/અખાત્રીજનો હતો શુભ મુહૂર્ત હતું. આશ્રમ Exp. માં II. A. C. માં પૂ. શ્રીના સ્મરણ સાથે દિલ્હી તરફ પ્રયાણ કર્યું.

દિલ્લીથી હરદ્વાર, ત્યાં ઋષિકેશ, લક્ષ્મણઝૂલા, વ.વ.ના દર્શન કરવા સૌ. હર્ષા પણ અને હું પગે ચાલી અમને આશ્ચર્ય થાય એટલું ફર્યાં ! તે પછી મસૂરી, સ્થલીદર્શન અને ત્યાંથી શ્યાનાચટ્ટી પહોંચ્યાં. ત્યાં નિવાસ ખૂબ અનુકૂળ રહ્યો. ત્યાંથી હનુમાન ચટ્ટીથી યમુનોત્રી જવાનું હતું. "આખો હિમાલય ભૂલી જશો પણ યમુનોત્રી નહિ ભૂલો" - એવું કહેવાય છે અત્યંત વિકટ યાત્રા હોવાથી પૂજ્યશ્રીના આદેશ પ્રમાણે (૧૦/મે) હું તથા સૌ. હર્ષા બેઝકેમ્પમાં રોકાઈ ગયા. સૌ. હર્ષાએ મનોમન યાત્રાનો આ અંશ પૂ. શ્રીને સમર્પિત કર્યો. બાકીનાં સહુ ઘોડા, ડોલી વ. થી યમુનોત્રી જવા નીકળ્યાં. થોડી વાર પછી નીકળેલામાંથી શ્રી સુરેશભાઈ, સૌ. ઊર્મિલાબેન (ચિ. સૌ. ચિન્મયીનાં બીજાં મમ્મી/પપ્પા, શ્રી મયૂરભાઈના Parents) અને બીજા ત્રણ વ્યક્તિ પાછાં આવી ગયાં. પૂ. શ્રીના રક્ષણની પ્રતીતિનું પહેલું પગથિયું. સૌ. ચિન્મયી, શ્રી મયૂરભાઈ અને દીકરાઓ ચિ. પાર્થ, મિત વ. પાછાં આવ્યાં ત્યારે જણાવ્યું કે **તમે ન આવ્યાં એ ઘણું જ સારું થયું.** યમુનોત્રી યાત્રાની રૌદ્ર-રમ્ય તાસીરનું વર્ણન સાંભળી શ્વાસ અદ્ધર થઈ ગયો. પૂ. શ્રીએ કહેલું કે તમને કોઈ આવરણ નહિ આવે. મોસમ સાફ રહેશે ! હિમાચ્છાદિત ગિરિશિખરો પર ચમકતાં સૂર્યકિરણો ભગવાન શ્રી કૃષ્ણના સુદર્શન ચક્ર અને કૌમોદકી ગદાનું સ્મરણ કરાવતા હતાં ! અમે શ્યાનાચટ્ટી છોડી બીજે દિવસે ઉત્તરકાશી પહોંચી ત્યાંથી ગંગોત્રી જવાનાં હતાં. ગંગોત્રીમાં તો છેક સુધી બસ જતી હતી તેથી પૂ. શ્રીએ જવાનો આદેશ આપ્યો જ હતો. ત્યાં ખબર પડી કે, અમારા નીકળ્યા પછી તોફાન, વાવાઝોડું, વરસાદની ભીષણતાએ યમુનોત્રીને વધુ ભીષણ બનાવી દીધી હતી જેમાં બે ઘોડા, સવાર સાથે ખાઈમાં પડી ગયાની વાત આવી ! મનોમન પૂ. શ્રીનો આભાર માન્યો અને ગુરુકૃપાની પ્રતીતિનો અનુભવ કર્યો ! "કેવાં બચાવ્યાં ?" નો ભાવ અમારા સહુનાં ચિત્તમાં સ્ફુર્યો. સૌ. ચિન્મયીએ વર્ણન કર્યું હતું કે, યમુનોત્રીમાં એટલો સાંકડો રસ્તો હતો કે, ઘોડા પર બેઠેલાનો એક પગ એક બાજુ ભેખડને ઘસડાતો હતો અને બીજી બાજુ આઈસ્ક્રીમને અથવા માખણને છરીથી કાપીએ અને જેવી સીધી સાઈડ દેખાય તેવી સીધી પાંચ/સાત હજાર ફુટ ઊંડી ખીણમાં બીજો પગ લટકતો રહે ! જો ઘોડો એક ડગલું અવળું પાડે તો એને અને અસવારને શોધવાના જ નહિ ! માત્ર તર્પણ જ કરવાનું. ઘણે સ્થળે ઘોડાની પીઠ પર સીધા સુઈને ઉપરની ઝૂમતી ભેખડ માથુ ના ફોડે તેની દરકાર લેવાની, કેટલીક વાર કેવળ વર્ટીકલ ચઢાણ હોય ! ક્યારેક ચાલવું પણ પડે. બાળકોએ કહ્યું કે, "હર્ષા, અમે તો 'ૐ મા ૐ' અને "જય ગુરુદેવ" બોલતા બોલતા ચાલ્યા ને પાછા આવ્યાં ત્યારે હાશ ! બચ્યાની પ્રતીતિ તથા સદ્‌ગુરુની અસીમ કૃપાની પ્રતીતિ થઈ!

(ક્રમશઃ)

## "તારે આ વિધિ કરવાની છે."

"ભાવનગરમાં તખ્તેશ્વરનું જૂનું રેલ્વે સ્ટેશન છે. ધરતીકંપ અટકાવવા માટે ત્યાં જઈને તારે આ વિધિ કરવાની છે." તા. ૧૪-૯-૨૦૦૦ ગુરુવારે સવારે પૂજા દરમિયાન મારી આંતરર્દષ્ટિથી મેં નીચે દ્રશ્ય નિહાળ્યું. ભાવનગરમાં તખ્તેશ્વરના જૂના રેલ્વે સ્ટેશન પાસે જાહેર રસ્તાની ડાબી બાજુએ એક જગ્યાએ...

૧) ૧X૧ ફૂટનો ખાડો અગોચરરૂપે ખોદાયો. ૨) ખાડામાં એક તાંબાનો કુંભ ઊંધો મૂકાયો.
૩) ખાડામાં થોડું પાણી પધરાવાયુ ૪) ખાડામાં પછી કપચી પધરાવાવી.
૫) તેના પર થોડું પાણી પધરાવાયુ. ૬) તેમાં થોડો ગુંદર પધરાવાયો.
૭) તેના પર થોડું પાણી પધરાવાયુ. ૮) તેમાં થોડા કોલસા પધરાવાયા.
૯) પછી ખાડો માટીથી પૂરી દેવાયો. ૧૦) તેના પર થોડું પાણી પધરાવાયુ.

આ દૃષ્ય પૂર્ણ થયા પછી મારા કાનમાં મૃદુ અવાજ સંભળાયો કે, " આ તખ્તેશ્વરનું જુનું રેલ્વે સ્ટેશન છે. ભાવનગરમાં ધરતીકંપ અટકી જાય માટે તારે ત્યાં જઈને આ પ્રમાણે વિધિ કરવાની છે."

તા. ૧૫-૯-૨૦૦૦ શુક્રવારે લકઝરી બસમાં ૪૫ ભક્તો સાથે ૧૨-૩૫ વાગે અમે ભાવનગર તખ્તેશ્વર રેલ્વે સ્ટેશને પહોંચ્યા. મેં ધ્યાનમાં જોઈ હતી તે જગ્યા બતાવી. યુવાન ભક્તોએ આ ખંડેર જગ્યા સાફ કરી. અને નિર્દેશ કરેલી જગ્યાએ ૧ફૂટ X ૧ ફૂટનો ખાડો કર્યો. ખાડા પાસે પૂર્વાભિમુખ બેસવા મારા માટે બહેનજીએ આસન બિછાવ્યું. અને વિધિ માટેની બધી વસ્તુઓ, જળ વિગેરે ગોઠવી દીધું. પછી આસન પર પૂર્વાભિમૂખ બેસીને મેં નીચે પ્રમાણે વિધિ કરી. બધા ભક્તો અને ત્યાં ઉપસ્થિત ઉત્સુક ભાઈબ્હેનો તે જગ્યાએ શિસ્તબધ્ધ ગોળાકાર રીતે ગોઠવાઈ જઈ સમૂહમાં ૐમાૐ મંત્રજાપ કરતા હતા.

મેં પ્રથમ જળ છાંટી પવિત્રીકરણ કર્યું પછી.....

૧. પ્રાર્થના કરી અને વિધિના પ્રત્યેક ક્રમે હાથ જોડી માનસિક પ્રાર્થના કરી.
૨. ખાડામાં જળ પધરાવ્યું.
૩. તાંબાનો કુંભ ઉધો કરીને ખાડામાં મૂક્યો.
૪. તેના પર જળ પધરાવ્યું.
૫. પછી કંકુ પધરાવ્યું. (મારી આતંરસ્ફુરણાથી)
૬. કપચીનો બાઉલ હાથમાં લઈ પ્રાર્થના કરી અને પછી તે કપચી ખાડામાં પધરાવી.
૭. તેના પર જળ પધરાવ્યું અને કંકુ પધરાવ્યું.
૮. ગુંદરનો બાઉલ હાથમાં લઈ પ્રાર્થના કરી અને પછી તે ગુંદર ખાડામાં પધરાવ્યો.
૯. તેના પર જળ પધરાવ્યું અને કંકુ પધરાવ્યું.
૧૦ કોલસાનો બાઉલ હાથમાં લઈ પ્રાર્થના કરી અને પછી તે કોલસા ખાડામાં પધરાવ્યા.
૧૧. તેના પર જળ પધરાવ્યું. અને કંકુ પધરાવ્યું.

૧૨. પછી હાથ જોડી માતાજીને પ્રાર્થના કરી. પ્રાર્થના કરતી વખતે મારાં કાનમાં મૃદુ અવાજ સંભળાયો કે, ***"તારા જમણા ચરણનો અંગૂઠો અન ચરણ કુંભ પર દબાવ".***

પ્રાર્થના પૂર્ણ કરી. મેં જમણા પગમાંથી મોજું કાઢી, આદેશ પ્રમાણે અંગૂઠો અને ચરણ કુંભ પર દબાવ્યા. કુંભ જમીનમાં દબાતો અનુભવાયો.

વિધિ પૂર્ણ થયા પછી મારી સૂચના પ્રમાણે યુવાન ભક્તોએ ખાડો માટીથી પૂરી દીધો. ભાવનગરના ભાવિકોએ આ દિવ્ય વિધિની જગ્યા પર સીમેન્ટ લગાવી પાકું કામ કરી દીધું.

આ દિવ્ય વિધિ કર્યા પછી ભાવનગરમાં એકપણ ધરતીકંપનો બનાવ બન્યો નથી. ન્યુઝપેપરના સમાચાર પ્રમાણે ૧૬૦ કી.મી. દૂર ખંભાતના અખાતમાં આ કંપ પસાર થઈ ગયો છે. ભૂસ્તર શાસ્ત્રીઓના મંતવ્ય મુજબ આ એક શુભ ઘટના છે.

## મહામાનવ બની શકાય !

*પૂ.રાજયોગીજી* — *તા. ૨૬-૬-૨૦૦૦*

*સુરત*

વ્હાલા બાળકો,

***શિવ જીવનું મિલન થાયે***
***આભા કંઈ ઔર પ્રગટે***
***માનવ મટી મહામાનવ બને***
***પ્રભુ ઘર શોધતો આવે***

તમે મારૂં જીવન જુઓ. મેં સંન્યાસ ગ્રહણ નથી કર્યો કે સાધુની દીક્ષા નથી લીધી કે નથી ભગવાં કપડાં ધારણ કર્યાં. હું ફક્ત માનવમાંથી સાચો માનવી બન્યો છું, પરંતુ તેના માટે તપવું પડે છે. એમાંથી પસાર થયા તો મહામાનવ બની જવાય. જો આટલું જ જીવનમાં આવી મળે તો ઈશ્વર તમને શોધતો ઘેર આવે. આપણા જૂના પુરાણોમાં જે જે મહામાનવો બન્યા છે તેમણે તેમનું આખું જીવન જ જનતાને ભેટ તરીકે ધરી દીધું છે, કે જે વર્ષો બાદ પણ માનવીઓ તેમને વિસરી શક્યા નથી.

**હજુ પણ મોડું થયું નથી. ઉઠો, જાગો ને મારા જીવનની ખુલ્લી કિતાબ પર નજર દોડાવો ને તે મુજબ તમારા જીવનમાં આચરણ કરોતો તમે પણ માનવમાંથી મહામાનવ બની શકશો. જરૂર છે પ્રયત્નની, જરૂર છે તપવાની,. જરૂર છે અગ્નિપરીક્ષામાંથી પસાર થવાની, જરૂર છે આત્મવિશ્વાસની.**

॥ ૐ મા ૐ ॥

## કૃપા કરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે?

દર્શન તમારૂં પળ વારનું ને ખોવાઈ જવાય છે.
બિન પ્રયત્ન બે હાથ સાથને મનથી નમી જવાય છે.
કૃપા કરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે?
આગમનની તમારા હવાને ખબર પડી જાય છે.
પડતાં પુનિત પગલાં જ્યાં આપનાં, મહેંકનું ચમન સર્જાય છે.
કૃપા કરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે?
મન વિષાદ ધરી હૈયે ભાર ભરી, માનવી નિલોષા ઠલવાય છે.
આવે ભલે રોતું, દર્શન તમારૂં પામી, હસતાં ઘરે જાય છે.
કૃપા કરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે?
ગર્વ હોય છે અમારી યાદદાસ્ત પર, તમારી સામે સઘળું ભૂલી જવાય છે.
માથે ભારેખમ પોટલાં તોય, તમારા સાનિધ્યમાં હળવાંફૂલ થવાય છે.
કૃપા કરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે?
નિલોષા રૂપ નોખું, શ્રધ્ધા સ્વરૂપ તમારું નોખું વરતાય છે.
ભવ્યતા તમારા ભીતરની તો વાત દૂરની છે. સામેનું નવ સમજાય છે.
કૃપા કરી કહેશો પ્રભુ, આવું કેમ થાય છે?

## "૨૭ મી તારીખે વડોદરામાં ધરતીકંપ થવાનો છે."

તા. ૧૭-૯-૨૦૦૦ રવિવારે સવારે પૂજા દરમિયાન માતાજીનો મૃદુ અવાજ મારા કાનમાં સંભળાયો કે, "૨૭મી તારીખે વડોદરામાં ધરતીકંપ થવાનો છે. તેના પહેલાં તારે દષ્યમાન જગ્યાએ જઈને વિધિ કરવી. વિધિમાં કંકુ વાપરવું નહિ."

આંતરદષ્ટિમાન થયેલ જગ્યા "વડોદરા શહેરમાંથી બહાર નીકળી સીધા જવાનું" ત્યાં દષ્યમાન જગ્યાએ વિધિ કરવાની છે. મકરપુરામાં આવેલ હાઈસ્કૂલથી ૨-૩ કી.મી. આગળ.

૨૪મી તારીખે સવારે ભક્તસમૂહ સાથે વડોદરા જઈને નિર્દેષ કરાયેલ જગ્યાએ જઈને વિધિ કરી. વડોદરાને ભૂકંપના ભયમાંથી મુક્ત કર્યું. વળી લોકોને માતાજી વતી ખાત્રી આપી કે "હવે તમે ભયમુક્ત છો."

# સમાચાર

૧. તા. ૨૮-૧૦-૨૦૦૦ શનિવારે નૂતન વર્ષ છે.

પૂજ્યશ્રીના દર્શનનો લાભ શ્રધ્ધા કુટીરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી મળી શકશે.
સર્વે ભાવિક ભાઇબ્હેનોને નૂતનવર્ષાભિનંદન.

**બહાર ગામના કાર્યયજ્ઞની માહિતી.**

૨. **સુરતમાં**

૧. તા. ૨-૧૧-૨૦૦૦ ગુરૂવાર થી તા. ૩-૧૧-૨૦૦૦ શુક્રવાર

૨. તા. ૨૬-૧-૨૦૦૧ શુક્રવાર થી તા. ૨૭-૧-૨૦૦૧ શનિવાર.

**સમય :-** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦.

**સ્થળ :-** વિજયનગર કો.ઓ.હા.સોસાયટી,મજુરાગેટ,દયાળબાગ આશ્રમની બાજુમાં, સુરત.

૩. **નાગપુરમાં**

તા. ૮-૧૧-૨૦૦૦ બુધવાર

**સમય :-** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધી.

**સ્થળ :-** વજુભાઈ ગગલાણી, ઈતવારી કો.ઓ.હા.સોસાયટી,
પોસ્ટ ઓફીસની બાજુમાં, નાગપુર.

૪. **મુંબઈમાં**

**૧. તારીખ** :- ૧૮-૧૧-૨૦૦૦ શનિવાર ગોવિંદધામ મંદિર, શાન્તાક્રુઝ.
**તારીખ** :- ૧૯-૧૧-૨૦૦૦ રવિવાર લક્ષ્મીબાગ પેલેસ, મુંબઈ.
**સમય** :- બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધી.

**૨. તારીખ** :- ૦૩-૦૩-૨૦૦૧ શનિવાર ગોવિંદધામ મંદિર, શાન્તાક્રુઝ.
**તારીખ** :- ૦૪-૦૩-૨૦૦૧ રવિવાર લક્ષ્મી બાગ, મુંબઈ.
**સમય** :- બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધી.

**નિલોષા બંધ રહેશે.**

૧. તા. ૦૭-૧૦-૨૦૦૦ થી તા. ૨૨-૧૧-૨૦૦૦ સુધી
૨. તા. ૦૯-૧૨-૨૦૦૦ થી તા. ૨૮-૦૧-૨૦૦૧ સુધી
૩. તા. ૦૨-૦૩-૨૦૦૧ થી તા. ૦૫-૦૩-૨૦૦૧ સુધી

**નિલોષા પ્રોગ્રામ ચાલુ રહેશે.**

૧. તા. ૨૩-૧૧-૨૦૦૦ થી તા. ૦૮-૧૨-૨૦૦૦ સુધી
૨. તા. ૨૯-૦૧-૨૦૦૧ થી તા. ૦૧-૦૩-૨૦૦૧ સુધી
૩. તા. ૦૬-૦૩-૨૦૦૧ થી તા. ૨૦-૦૪-૨૦૦૧ સુધી

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## ડીસેમ્બર ૨૦૦૦ થી જાન્યુઆરી ૨૦૦૧

### ઈંગ્લેન્ડ

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૨-૨૦૦૦ | શનિવાર | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૧૭-૧૨-૨૦૦૦ | રવિવાર | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૧૮-૧૨-૨૦૦૦ | સોમવાર | ૩ થી ૫ | ક્રોયડન લંડન | જ્યોતિ પરમાર | ૨૦૮-૬૭૯૮૬૬૮ |
| ૨૩-૧૨-૨૦૦૦ | શનિવાર | ૩ થી ૬ | લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૪-૧૨-૨૦૦૦ | રવિવાર | ૩ થી ૬ | લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |

### અમેરિકા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦-૧૨–૨૦૦૦ | શનિવાર | ૩ થી ૬ | કોલોનીયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૩૧-૧૨-૨૦૦૦ | રવિવાર | ૩ થી ૬ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૦૬-૦૧-૨૦૦૧ | શનિવાર | ૩ થી ૬ | યુનીયન સીટી | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧-૩૬૫૭૨૮૨ |
| ૦૭-૦૧-૨૦૦૧ | રવિવાર | ૩ થી ૬ | યુનીયન સીટી | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧-૩૬૫૭૨૮૨ |